# માનવ

નોર્થ અમેરિકામાં વસતા વિચારશીલ અને કર્મશીલ માનવીઓનું પાક્ષિક.

તંત્રી: કૌશિક અમીન વર્ષ: ૧૯ અંક:૦૫. જુન-૧૫, ૨૦૨૧.



*અરબ સાગરમાં ઉદ્ભવેલા તાઉતે સાઇક્લોને કેરળ, કર્ણાટક, ગોવા અને મહારાષ્ટ્ર બાદ ગુજરાતને પણ ઘમરોળ્યું. તાઉતે સાઇક્લોને વૈજ્ઞાનિકોના એ દાવાને સાચો ઠરાવ્યો છે કે ઓછી શક્તિ ધરાવતા વાવાઝોડા પણ સમુદ્રના વધી રહેલા તાપમાનના કારણે શક્તિશાળી સાઇક્લોનમાં ફેરવાય છે. મોસમ વિજ્ઞાનીઓના મતે શક્તિશાળી વાવાઝોડાની તાકાત દસ વર્ષમાં આઠ ટકા જેટલી વધી છે.* *(ગ્લોબલ વૉર્મિંગના પાપે વિનાશ: અહેવાલ- પાન-૪ )*

***Published by: Southasian Media Network Inc. USA. * kaushikamin@hotmail.com,***

## તારાજી...તારાજી અને તારાજી...

**અરબ સાગરમાં સક્રિય થયેલા વાવાઝોડા 'તૌકતે'એ પશ્ચિમ ભારત અને ગુજરાતમાં ભારે તારાજી સર્જી. દરિયાકાંઠાના તાલુકાઓમાં તૌકતે વાવાઝોડાને પગલે જ્યાં જુઓ ત્યાં નુકસાન અને જનજીવન ઠપ જોવા મળ્યું. કાંઠાવિસ્તાર મહદઅંશે સંપર્કવિહોણા-મદદવિહોણા છે. વિશેષ તસવીરઅહેવાલ:**



**પૂર્વ ભારતમાં બંગાળની ખાડીમાં સર્જાયેલું વાવાઝોડું યાસ ઉત્તર ઓડિશાના દરિયાકાંઠે અને તેની પાસેના પશ્ચિમ બંગાળના કેટલાક ભાગમાં ટકરાયું. કોલકાતાના 13 નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ પેદા થઈ. ઓડિશાએ પોતાને ત્યાં 5.8 લાખ લોકોને અને પશ્ચિમ બંગાળે 15 લાખ લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા. પશ્ચિમ બંગાળનાં ત્રણ લાખથી વધુ ઘર તબાહ થઈ ગયાં અને એક કરોડ લોકો પ્રભાવિત થયા. વિશેષ તસવીરઅહેવાલ:**





**-પારૂલ ખખ્ખર**

**રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.**

રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.
એક અવાજે મડદાં બોલ્યાં 'સબ કુછ ચંગા-ચંગા'
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.
રાજ, તમારા મસાણ ખૂટયા, ખૂટયા લક્કડભારા,
રાજ, અમારા ડાઘૂ ખૂટયા, ખૂટયા રોવણહારા,
ઘરેઘરે જઈ જમડાંટોળી કરતી નાચ કઢંગા,
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.
રાજ, તમારી ધગધગ ધૂણતી ચીમની પોરો માંગે,
રાજ, અમારી ચૂડલી ફૂટે, ધડધડ છાતી ભાંગે,
બળતું જોઈ ફીડલ વગાડે 'વાહ રે બિલ્લા-રંગા'!
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.
રાજ, તમારા દિવ્ય વસ્ત્ર ને દિવ્ય તમારી જ્યોતિ
રાજ, તમોને અસલી રૂપે આખી નગરી જોતી
હોય મરદ તે આવી બોલો **'રાજા મેરા નંગા'**
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

*****

**જાગ, હવે રણભેરી વાગી, પડી નગારે થાપ,**

જાગ, હવે રણભેરી વાગી, પડી નગારે થાપ,
જાગી ઊઠ્યાં કીડ-મકોડા, જાગ્યા સૂતા સાપ,
હવે નઘરોળ ચામડી જાગ...
ભડભડ બળતાં શેરી-ફળિયા, ભડભડ બળતું ગામ,
નિંભર, તારા ક્રોડ રુંવાડા તો ય કરે આરામ!
કોણે દીધા હાય... તને રે મગરપણાના શ્રાપ,
હવે નઘરોળ ચામડી જાગ...
આ ટાણે તો નબળા- સબળા સઘળા ખેલે જંગ,
ખરે ટાંકણે ઓઢયું કાયર, ઢાલ સરીખું અંગ!
છોડ કાચબા જેવું જીવવું, પાડ અનોખી છાપ,
હવે નઘરોળ ચામડી જાગ...
જાગ, નહીં તો ભારે હૈયે કરવો પડશે ત્યાગ,
એમ કાંચળી ફગવી દેશું જેમ ફ્ગવતો નાગ,
કવચ ઉતારી ધોઈ દેશું કવચ ધર્યાનું પાપ,
હવે નઘરોળ ચામડી જાગ...

*****

# ગ્લોબલ વૉર્મિંગના પાપે વાવાઝોડા વધારે વિનાશક બની રહ્યાં છે.

***-* મોસમ વિજ્ઞાનીઓ દેશના વાતાવરણમાં આવી રહેલા આ બદલાવ પાછળ મનુષ્યના હસ્તક્ષેપને જવાબદાર ગણાવી રહ્યાં છે -* ક્લાયમેટ ચેન્જના કારણે સમુદ્રો વધારે ગરમ થઇ રહ્યાં છે, ખાસ કરીને હિન્દ મહાસાગરનું તાપમાન ધાર્યા કરતા વધારે ઝડપથી વધી રહ્યું છે અને વૈજ્ઞાનિકોનું માનવું છે કે ઓછી શક્તિ ધરાવતા વાવાઝોડા પણ સમુદ્રના વધી રહેલા તાપમાનના કારણે શક્તિશાળી સાઇક્લોનમાં ફેરવાય છે.***

અરબ સાગરમાં ઉદ્ભવેલા તાઉતે સાઇક્લોને કેરળ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર બાદ ગુજરાતને પણ ધમરોળ્યું.. તાઉતે સાઇક્લોને વૈજ્ઞાનિકોના એ દાવાને સાચો ઠરાવ્યો છે કે ઓછી શક્તિ ધરાવતા વાવાઝોડા પણ સમુદ્રના વધી રહેલા તાપમાનના કારણે શક્તિશાળી સાઇક્લોનમાં ફેરવાય છે. વિજ્ઞાનીઓના મતે શક્તિશાળી વાવાઝોડાની તાકાત દસ વર્ષમાં આઠ ટકા જેટલી વધી છે.

ભારતમાં સાઇક્લોન તરીકે ઓળખાતા સમુદ્રી વાવાઝોડા સામાન્ય રીતે મે મહિનાથી ઓક્ટોબર દરમિયાન આવતા હોય છે. દરિયાકાંઠાના રાજ્યો માટે સમુદ્રી વાવાઝોડાની નવાઇ નથી. દેશના પૂર્વીય તટ પર અવારનવાર વિનાશક વાવાઝોડા આવતા રહે છે. આમ તો સાયક્લોન નામે ઓળખાતા વાવાઝોડા ભારતની પૂર્વે અરબ સાગર અને પશ્ચિમે બંગાળની ખાડીમાં સર્જાતા હોય છે પરંતુ પૂર્વ કાંઠા કરતા પશ્ચિમ કાંઠે એટલે કે બંગાળની ખાડીમાં આવા વાવાઝોડા ઉદ્ભવવાનું પ્રમાણ ચાર ગણું વધારે હોય છે. આનું મુખ્ય કારણ એ કે બંગાળની ખાડી કરતા અરબ સાગરના પાણીનું તાપમાન થોડું નીચું હોય છે જેના કારણે આ વિસ્તારમાં આવા વાવાઝોડા ખાસ પેદા થતા નથી કે સઘન થતા નથી. પૂર્વીય તટે બંગાળની ખાડી કે આંદામાન સમુદ્ર નજીક ઉદ્ભવતા વાવાઝોડા ઉપરાંત પેસિફિક મહાસાગર તરફથી પણ વાવાઝોડા આવે છે.

દુનિયાભરમાં ભારે વિનાશ વેરતા વાવાઝોડાની સંખ્યા વધી રહી છે. સંશોધનોના આધારે વૈજ્ઞાનિકો એ તારણ પર પહોંચ્યા છે કે છેલ્લા ત્રણ દાયકામાં એટલાન્ટિક મહાસાગરમાં આવતા વાવાઝોડાઓમાં હવાની ગતિ વધી છે. એ જ રીતે પેસિફિક મહાસાગરમાં ઉદ્ભવતા વાવાઝોડાઓ પણ વધારે વિનાશકારી બન્યા છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે આવનારા વર્ષોમાં વાવાઝોડા વધારે ને વધારે વિનાશક બનતા જશે. સામાન્ય રીતે આ સમયે અરબ સાગરનું તાપમાન ૨૮-૨૯ ડિગ્રી સેલ્સિયસ રહેતું હોય છે પરંતુ અત્યારે તાઉતે સાઇક્લોન ઉદ્ભવ્યું ત્યારે અરબ સાગરની સપાટીનું તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ હતું. ગ્લોબલ વૉર્મગના પરિણામે દુનિયાભરના સમુદ્રોનું તાપમાન વધી રહ્યું છે પરંતુ હિન્દ મહાસાગરનું તાપમાન બધા કરતા વધારે ઝડપથી વધી રહ્યું છે. હિન્દ મહાસાગરના ક્ષેત્રમાં ભારત સહિત બાવીસ દેશો આવે છે. દુનિયાની ત્રીજા ભાગની વસતી હિન્દ મહાસાગરના કિનારે વસવાટ કરે છે. એટલા માટે ક્લાયમેટ ચેન્જની દૃષ્ટિએ દુનિયાભરના મોસમ વિજ્ઞાનીઓની નજર હિન્દ મહાસાગર ઉપર લાગી છે. જુદાં જુદાં વૈજ્ઞાનિક અધ્યયનોમાં એ વાત સામે આવી ચૂકી છે કે જો તાપમાનમાં વધારો વર્તમાન દરે ચાલુ રહ્યો તો વર્ષ ૨૦૫૦ સુધીમાં હિન્દ મહાસાગરમાં અલ નીનો જેવી પરિસ્થિતિ ઊભી થઇ શકે છે. ભારત સહિત હિન્દ મહાસાગરના તટીય પ્રદેશોમાં મોસમના ફેરફારને લગતી આફતોનું વધી રહેલું પ્રમાણ એ વાતની સાબિતી છે કે વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ થવાના કારણે ક્લાયમેટ ચેન્જનો દુષ્પ્રભાવ વધી રહ્યો છે. નવા અભ્યાસમાં ધ્યાનમાં આવ્યું છે કે અગાઉ જે અનુમાન કરવામાં આવ્યાં હતાં એના કરતા વધું ઝડપે સમુદ્રોનું જળસ્તર વધી રહ્યું છે. વધી રહેલા તાપમાનના કારણે પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ધ્રૂવ પર પથરાયેલો બરફ પીગળી રહ્યો છે. એક રિપોર્ટ અનુસાર છેલ્લા એક દાયકામાં ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં પથરાયેલી

બરફની ચાદરમાં દર વર્ષે ૪૦૦ અબજ ટનનો ઘટાડો થયો છે. આટલી મોટી માત્રામાં બરફ પીગળવાના કારણે મહાસાગરોની સપાટી દર વર્ષે આશરે ૧.૨ મિલીમીટર વધી છે. પહાડોમાં રહેલા ગ્લેશિયર પણ વધી રહેલા તાપમાનના કારણે પીગળ્યાં છે અને ગ્લેશિયરોનો પણ વાર્ષિક સરેરાશ ૨૮૦ અબજ ટન બરફ પીગળ્યો છે જેના કારણે સમુદ્રોની સપાટીમાં ૦.૭૭ મિમીનો વધારો થયો છે.

વાવાઝોડાની સંખ્યા અને તેમની મારક ક્ષમતા વધવા પાછળ ગ્લોબલ વૉર્મિંગ કારણભૂત છે. સમુદ્રની સપાટીનું તાપમાન વધવાના કારણે વાવાઝોડા વધારે શક્તિશાળી બની જાય છે. વિજ્ઞાનીઓના મતે જેમ જેમ સમુદ્રો ગરમ થતા જશે તેમ તેમ નબળા વાવાઝોડા પણ ઝડપથી શક્તિશાળી અને વિનાશકારી થતા જશે. અમ્ફાન, ફાની અને ઓખી જેવા વાવાઝોડાથી આ વાત સાબિત થઇ છે. હવે તાઉતે સાઇક્લોને પણ આ વાત પાકી કરી છે. વિનાશક વાવાઝોડાઓની સંખ્યા દર દાયકે આઠ ટકાના હિસાબે વધી રહી છે. સમુદ્રોની સપાટીમાં થઇ રહેલા વધારાને કારણે પણ વાવાઝોડા વધારે વિનાશક બને છે કારણ કે સપાટી વધવાના કારણે પાણી જમીનની વધારે અંદર ધસી આવે છે અને તટીય વિસ્તારોને જળમગ્ન કરી દે છે. છેલ્લા થોડા વર્ષોથી મોસમના ચક્રમાં ફેરફાર આવી રહ્યો છે અને દેશભરમાં ગરમ વિસ્તારોનો વ્યાપ વધી રહ્યો છે. પચાસના દાયકા સુધી દેશમાં ઊંચા તાપમાનનું ક્ષેત્ર માત્ર દક્ષિણ અને મધ્ય ભારત સુધી સીમિત હતું. પરંતુ હવે આખા ભારતમાં ગરમી વધી ગઇ છે. મોસમ વિજ્ઞાનીઓ દેશના વાતાવરણમાં આ બદલાવ પાછળ મનુષ્યના હસ્તક્ષેપને જવાબદાર ગણાવી રહ્યાં છે.

છેલ્લા થોડા વર્ષોથી ભારતના શહેરોમાં જે રીતે બાંધકામ વધ્યું છે અને વસતીની ગીચતા વધી છે એના કારણે એ વિસ્તારના પ્રદૂષણમાં અનેક ગણો વધારો થયો છે. એમાંયે હવે ઉનાળામાં દિવસનું તાપમાન સામાન્ય કરતા વધારે ઊંચું રહેતું હોય છે. જો આ જ ઝડપે પૃથ્વીનું તાપમાન વધતું રહ્યું તો આવનારા સમયમાં મોસમમાં ખતરનાક ફેરફારો આવશે. વરસાદનું પ્રમાણ અને પેટર્ન એ હદે બદલાઇ જશે કે અનેક સ્થળોએ કાળો દુષ્કાળ પડશે. વધતી જતી વસતીના પ્રમાણમાં અનાજની ઉપજમાં ભયજનક ઘટાડો થશે અને કરોડો લોકો ભૂખમરાનો ભોગ બનશે. પર્યાવરણમાં થઇ રહેલા આ ફેરફારના પરિણામે ભારતમાં બે પ્રકારના બદલાવ જોવા મળી રહ્યાં છે. એક છે તાપમાનમાં વધારો અને બીજો છે મોનસુનની પેટર્નમાં ફેરફાર. આ બંને પ્રકારના ફેરફાર દેશની અર્થવ્યવસ્થા માટે ઘાતક પુરવાર થઇ શકે છે. આજે તાતી જરૂરિયાત છે કે સરકાર આને કટોકટીની પળ ગણીને ક્લાઇમેટ ચેન્જની અસરોને પહોંચી વળવા યુદ્ધના ધોરણે કામગીરી આરંભે. આમાં બે સ્તરે કામગીરી કરવાની આવશ્યક્તા છે. પહેલી તાતાત્કાલિક ઉપાયો યોજીને પર્યાવરણમાં થઇ રહેલા ફેરફારોને કાબુમાં લાવવાના રહેશે અને બીજું લાંબા ગાળાની યોજનાઓ ઉપર કામ શરૂ કરવાનું રહેશે.

વાવાઝોડા, વરસાદ આંધીતોફાન જેવી કુદરતી આફતો આવતી રોકવી તો શક્ય નથી. આવી કુદરતી આફતની વિનાશકતા વધારે હોય કે ઓછી પરંતુ જરૂરી એ છે કે તેના વિશે અગાઉથી ચેતવણી જાહેર કરવામાં આવે અને બચાવ અને રાહતકાર્યોની વ્યવસ્થા ગોઠવવામાં આવે કુદરતી આફતોથી થતા નુકસાનથી બચવાના કામચલાઉ ઉપાયો તો કરી લેવામાં આવે છે પરંતુ કુદરતી આફતો આવતી અટકાવવા માટેના ઉપાયો પ્રયોજવામાં આવતા નથી. છેલ્લા થોડા વર્ષોથી ભારતના હવામાનની પરિસ્થિતિ અત્યંત સંવેદનશીલ બની છે. અનેક વિસ્તારોમાં વરસાદ, વાવાઝોડાં, ધૂળ-રેતીની આંધી, વીજળી ત્રાટકવી જેવા કુદરતી પ્રકોપ વધી રહ્યાં છે.

સામાન્ય રીતે ભારતમાં ચાર કે પાંચ વાવાઝોડા અને આંધીના ગાળા આવતા હોય છે. જોકે હવામાનની દૃષ્ટિએ જોતા ચોમાસા અગાઉ વાવાઝોડા આવવા એ બદલાઇ રહેલા પર્યાવરણની નિશાની છે. પરંતુ જ્યારે માનવી જ પર્યાવરણની અનદેખી કરતો હોય ત્યારે પર્યાવરણ પોતે કોઇ નિયમો પાળવા બંધાયેલું નથી.

# ગાંધીજીની સ્વદેશીની ફિલસુફી એ જમાનામાં સાચી હતી

*- વિચાર વિહાર- યાસીન દલાલ*

સંસદમાં અને બહાર, રાષ્ટ્રના 'સાર્વ ભૌમત્વ'ના રખેવાળો એકાએક ઉકળી ઉઠ્યા છે. અને વિદેશી સંસ્થાઓને શરણે દેશના હિતને ગિરવે મૂકી દેવામાં આવ્યું છે એવી એવી કાગારોળ શરૂ થઈ છે. નાણાં સંસ્થાઓની આપણે 'માનસિક ગુલામી' સ્વીકારી હોવાના આક્ષેપ થયા છે. ગરીબોના અને નીચલા વર્ગોના હામીઓને 'હાય હવે ગરીબોનું શું થશે ?' એની ઊંડી ચિંતા સતાવવા માંડી છે. વિદેશી કંપનીઓના આક્રમણ સામે ઝઝૂમવા માટે સ્વદેશીનું આંદોલન શરૂ થઈ ચૂકયું છે. વિદેશી સહયોગનો બહિષ્કાર કરવાના એલાનો થઈ રહ્યા છે.

જે લોકો રાષ્ટ્રનું ગૌરવ અને સ્વમાન ભયમાં છે એવી બૂમરણ મચાવી રહ્યા છે, એમને દેશ અને દુનિયાની ઘટનાઓનું કાં તો જ્ઞાન નથી અને કાં તો બધું જાણવા છતાં એમણે આંખ અને કાન બંધ કરી દીધા છે. સમાજવાદની દફનવિધિ થઈ રહી છે. ચીનમાં આપણા કરતાં છ ગણું વિદેશી મૂડી રોકાણ થયેલું છે. અને હજુ વધુને વધુ વિદેશી મુડી આકર્ષવાના ઉપાયો કરી રહી છે. એનાથી ચીનનું સાર્વભૌમત્ત્વ બિલકુલ ખતમ થયું નથી આપણા એક રાજ્યની વસતી જેવડું તાઈવાન આપણા કરતાં ૨૧ ગણી નિકાસ કરે છે. જાપાનની સોની, નેશનલ અને સાન્યો કંપનીનો વાર્ષિક કારોબાર અબજો ડોલરનો છે અને એ બધાની એક ફેકટરી ટોકયોમાં છે, બીજી હોંગકોંગમાં છે, ત્રીજી સિંગાપુરમાં છે, ચોથી તાઈવાનમાં છે, પાંચમી વોશિગ્ટનમાં છે. સિંગાપુરમાં ખનિજ તેલનું ટીપું નથી. છતાં પાંચ મોટી રિફાઈનરી છે. વિદેશથી ક્રુડ તેલ મગાવી રિફાઈન કરી વિદેશમાં જ વેચી નાખે છે. આર્થિક બાબતોમાં દુનિયાનો કોઈ દેશ સંપૂર્ણ સ્વાવલંબી નથી. ઉલટું ૧૨-૧૫ દેશો એકઠા થઈને મજિયારી બજાર બનાવે છે. અને સંગઠીત થઈને આયાત-નિકાસ કરે છે. આ બધી બે દાયકાની વૈશ્વિક ઘટનાઓ છે. વિશ્વના પ્રવાહો છે. ગાંધીજી હતા એ યુગ સ્વાવલંબીનો હતો. આજની દુનિયા પરસ્પરાવલંબી છે. આજની દુનિયાનો કોઈ દેશ પોતાને જરુરી બધી જ ચીજો જાતે બનાવતો નથી, બનાવી શકતો હોય તો પણ બનાવતો નથી. અમેરિકા જેવા સમૃધ્ધ દેશમાં જાપાનના યેન અને ઈલેકટ્રોનિક ચીજ વસ્તુઓનું આક્રમણ થયેલું છે. છતાં અમેરિકામાં કોઈ દેશ લૂંટાઈ ગયો સાર્વભૌમત્વ ખતમ થઈ ગયું એવી બુમો પાડતું નથી. જાપાન અને જર્મનીએ પોતાની ઈર્ષ્યા થાય અને આંજી નાખે એવી ઔદ્યોગિક પ્રગતિથી દુનિયાને સર કરી છે. પણ એ લોકો પણ ખેતીની બાબતમાં બહુ કડાકુટ કરતા નથી. જોઈતું અનાજ વિદેશથી મંગાવી લે છે. જેમાં નફો થાય એ માલ વેચે છે. એ નફામાંથી પોતાને જરૂરી માલ આયાત કરી લે છે. આ લેવડ-દેવડનો ચોખ્ખો હિસાબ છે. એમાં આવલંબન અને સાર્વભૌમત્વના કિતાબી આદર્શો ચાલે નહીં. એવા આદર્શોનું રટણ કર્યા કરીએ તો ભુખે મરવાનો વારો આવે. સિંગાપુર નામના ટચુકડા દેશમાં પીવાનું પાણી મુદ્લ મળતુ નથી. શું સિંગાપુરની પ્રજાએ સાર્વભૌમત્વ ટકાવવા પાણી વિના તરફડીને મરી જવું કે પછી બહારથી પાણી મંગાવી લેવું ? પાણી જીવન જરુરિયાતની પાયાની ચીજ છે. વર્ષોથી મલેશિયાથી પાઈપલાઈન વડે પાણી આવતું રહે છે. એ મુદ્દે કોઈ તંગદિલી થઈ નથી. સંબંધો બગડયા નથી કે કોઈએ કોઈ ઉપર દબાણ કર્યુ નથી. આપણે સર્વભૌમત્વ અને રાષ્ટ્રીય ગૌરવના મિથ્યા ખ્યાલોમાં રાચતા રહ્યા છીએ. દુનિયાને આપણી કોઈ જરુર નથી, આપણે દુનિયાની જરુર છે. એ સત્ય ગમે તેવું કડવું લાગે પણ આપણે પચાવવું પડશે. આપણે માની ન શકીએ એટલી ઝડપી વિશ્વ સાંકડું થઈ રહ્યું છે, એક દેશનો માલ બીજા દેશમાં ખડકાઈ રહ્યો છે. દુબઈ કે સિંગાપુરની ડયૂટી ફ્રી દુકાનોમાં કયાં દેશની

માલ નહીં હોય એ જ પ્રશ્ન છે. લોકો માલની ગુણવતા અને કિંમત જોઈને ખરીદી કરે છે. નહીં કે કયાં દેશમાંથી આવ્યો છે એ જોઈને. આનો અર્થ એ નથી કે ગાંધીજીની સ્વદેશીની ફિલસુફી ખોટી હતી. પણ એ ફિલસુફી તે સમયે અને તે સંજોગોમાં પ્રસ્તુત હોતા નથી તેમ દરેક સંજોગોંમા એ સફળ થઈ શકે નહીં. રેટિયાની વિચાર ધારા એક જમાનામાં ઉપયોગી હતી પણ આજે નથી.

લોકોની જરૂરિયાતો બદલાઈ ગઈ છે, રહેણી-કરણી બદલાઈ ગઈ છે. ગઈકાલે જે વસ્તુ વૈભવ ગણાતી હતી તે આજે અનિવાર્ય જરૂરીયાત બની છે. આજના મધ્યમ વર્ગના કોઈપણ ઘરમાં રેફ્રિજરેટર, મીક્સર, વોશિંગ મશીન, ટીવી., કુકર અવશ્ય જોવા મળશે. આજથી બે દાયકા પહેલા આ બધી ચીજો શ્રીમંતોના ઘરમાં જ દેખાતી.આ ચીજોનું ઉત્પાદન વધે, ને આનુસાંગિક ચીજો, સ્પેરપાર્ટસના કારખાના થાય તો કેટલાને રોજી મળે ?

સવાલ બેરોજગારી દુર કરવાનો અને લોકોની ખરીદશકિત વધારે છે. સરકારી સાહસો હવે વધુ નોકરીઓ ઉભી કરી શકે તેમ નથી. બલ્કે સરકારે બે માણસોથી ચાલે ત્યાં ૨૦ની ભરતી કરીને આડેધડ ખર્ચ વધાર્યું છે. ઉપરથી આ નોકરીયાતોને નોકરીની સલામતી આપી અને ઉંચા પગારો તથા ભથ્થા આપ્યા.વહેલે મોડે આ વિષયક તોડી ભરતી બંધ કરવી પડશે, આ ખોટ કરતા એકમોને તાળા મારવા પડશે. જાહેરક્ષેત્રનું કદ ઘટે એ પછી રોજગારીની મોટી જવાબદારી ખાનગી ક્ષેત્રને શિરે આવવાની છે આપણું ખાનગીક્ષેત્ર અત્યાર સુધી ચેતનવિહોણું અને ગતિવિહીન રહ્યું. વિદેશી સ્પર્ધા વિના કામ કરવાનું હતું. આથી લગભગ ઈજારાશાહીની અવસ્થામાં એણે કામ કર્યું. ગુણવતા ઉપર કોઈ ધ્યાન ન આપ્યું. વિદેશી કંપનીઓની સ્પર્ધા આવશે ત્યારે દેશી કંપનીઓએ કામગીરી સુધારવી પડશે, આમ થવાથી બીજા લાભ એ થશે કે આપણી વિદેશોમાં નિકાસ વધશે દેશનું સાર્વભૌમત્વ એ એવી સસ્તી ચીજ નથી જેને એકાદ બે વિદેશી કંપનીઓ લૂંટીને લઈ જાય.

આજની દુનિયા કેવી પરસ્પર અવલંબિત થઈ ગઈ છે. એને માટે આપણી પોતાનો જ દાખલો લેવા જેવો છે. છેલ્લા દોઢ દાયકાથી આપણા દેશમાં જે વિદેશી હુંડિયામણ આવે છે એ કયાંથી આવે છે ? અમેરિકાથી માંડીને દુબઈ, કુવૈત, સાઉદી અરેબિયામાં કમાવા માટે ગયેલા ભારતીઓ જ ડોલર અને પાઉન્ડ મોકલે છે અને એનાથી આપણને હેંડિયામણ મળે છે. આ વિદેશી નાણાં આપણે ત્યાં ઠલવાય ત્યારે એને આવકારીએ છીએ અને મલ્ટીનેશનલ કંપનીઓ આપણા દેશમાં ઉત્પાદન કરવા આવે ત્યારે કોગારોળ કરીએ છીએ?

દુનિયાના અનેક દેશોમાં ભારતીયો વર્ષોથી પહોંચી ગયા છે ને હજી જઈ રહ્યા છે. ત્યાં જઈને કમાણી ભારતમાં પણ મોકલે છે. માત્ર અમેરિકામાં પચ્ચીસ લાખ ભારતીયો વસેલા છે. વિશ્વમાં ઓછામાં ઓછા ચાર દેશ એવા છે જયાં ભારતીયો લગભગ વર્ચસ્વ ભોગવે છે. મોરિશિયસમાં તો વડાપ્રધાન પણ મૂળ ભારતીય છે! ફીજી, ગુયાનામાં ૫૦ ટકાથી વધુ વસતી ભારતીઓની છે. કુવૈતમાં પાંચ લાખ ભારતીયો હતા, જે યુધ્ધ દરમ્યાન પાછા આવતા રહેલા. એમને કુવૈતની સરકાર જાહેરખબરો આપીને વિધિસર પાછા બોલાવી રહી છે. વિદેશી નાગરિકો એમના દેશની કમાણીને બીજે વાળી રહ્યા છે. છતાં અમેરિકા કે કુવૈત કોઈ ફરિયાદ કરતું નથી કે અમારૂ રાષ્ટ્ર ભારતીયોના ચરણે ગુલામ બની રહ્યું છે! અમેરીકાનો દાખલો તો અભૂતપૂર્વ છે. આખી દુનિયાના લોકોએ એકઠા થઈને જ એ દેશ બનાવ્યો છે. ત્યાં એક વિશિષ્ટ અમેરિકી સંસ્કૃતિ વિકસી છે. અમેરિકાની સરકારને વિદેશમાં વસતાં એક અમેરિકનની ચિંતા છે એટલી આપણી સરકારને નથી.


આજના વિશ્વમાં પ્રગતિ કરવા માટે સખ્ત મહેનત, પરિશ્રમ, ખંત અને આધુનિક ટેકનોલોજીની જરૂર પડે છે. રાષ્ટ્રીય ગૌરવના મિથ્યા ખ્યાલો વડે પ્રગતિ સાધી શકાતી નથી.

**(સૌજન્ય: ગુજરાત સમાચાર)**

## ઇઝરાયલ-પેલેસ્ટાઈન વિવાદઃ

# જ્યારે ગાંધીજીએ કહ્યું કે, "જો હું યહૂદી હોત તો..."

**કુમાર પ્રશાંત, બીબીસી.**



10 મે 2021ના રોજ શરૂ થયેલું ઇઝરાયલ-પેલેસ્ટાઈન યુદ્ધ 11 દિવસ સુધી ચાલ્યું હતું જેમાં પેલેસ્ટાઈનમાં 60થી વધુ બાળકો સહિત 240થી વધારે લોકોના મૃત્યુ થયા હતા. આ ઉપરાંત બે હજાર લોકોને ઈજા થઈ હતી. આ દરમિયાન પેલેસ્ટાઈનના રોકેટ હુમલામાં ઇઝરાયલમાં બાળકો સહિત કેટલાક નાગરિકોનું મૃત્યુ થયું હતું. હવે બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે.

યુદ્ધની જાહેરાત કોણે કરી તે સવાલનો કોઈ અર્થ નથી, તેવી જ રીતે યુદ્ધવિરામની જાહેરાત કોણે કરી તે સવાલનો પણ કોઈ અર્થ નથી.

આ બંને પક્ષો વચ્ચે યુદ્ધ, વિરામ અને ફરી યુદ્ધનો અંતહીન ઘટનાક્રમ ચાલતો રહે છે. તેની પાછળ આ બે પક્ષો ઉપરાંત એવા લોકો પણ છે જેઓ યુદ્ધ અને યુદ્ધવિરામ બંને સંજોગોમાં માલામાલ થાય છે.

અમેરિકાના વિદેશ સચિવ એન્ટની બ્લિન્કેને યુદ્ધવિરામ પછી તરત બંને પક્ષો સાથે સૌહાર્દપૂર્ણ મુલાકાત કરી હતી અને કહ્યું કે ઇઝરાયલની સુરક્ષા, શાંતિ અને સન્માન માટે અમેરિકા વચનબદ્ધ છે.તેમણે એમ પણ કહ્યું કે બૉમ્બમારાથી ભાંગીને ભુક્કો થયેલા ગાઝા પટ્ટીને મલમ પટ્ટી લગાડવા અને પેલેસ્ટાઈનવાસીઓના સંપૂર્ણ વિકાસ માટે અમેરિકા 75 અબજ ડૉલરની મદદ કરશે.

તેનો માત્ર એક અર્થ નીકળે છેઃ "યુદ્ધ પણ અમારી મુઠ્ઠીમાં છે અને યુદ્ધવિરામ પણ અમારી મુઠ્ઠીમાં છે!"

### ઇઝરાયલ-પેલેસ્ટાઈન વિવાદ પર મહાત્મા ગાંધીની બારીક નજર.

ઇઝરાયલ-પેલેસ્ટાઈન વિવાદ પર શરૂઆતથી જ યહૂદીઓના બહાને મહાત્મા ગાંધીની બારીક નજર હતી. તેઓ ખાસ કરીને યુરોપમાં યહૂદીઓની સ્થિતિથી ઘણા પ્રભાવિત થયા હતા. 1938માં સીમાંત પ્રદેશના પ્રવાસેથી પરત આવ્યા પછી તેમણે આ વિષય પર 'ઇસાઈયતના અછૂત' નામે પોતાનો પ્રથમ તંત્રીલેખ લખ્યો હતો. તેમણે લખ્યું, "મારી સંપૂર્ણ સહાનુભૂતિ યહૂદીઓની સાથે છે. હું દક્ષિણ આફ્રિકાના દિવસોથી તેમને નજીકથી ઓળખું છું." "તેમાંથી કેટલાક લોકો સાથે મારી જીવનભરની મિત્રતા છે અને તેમના દ્વારા જ મેં તેમના પર થયેલા અત્યાચારો વિશે જાણ્યું છે. આ લોકોને ખ્રિસ્તીધર્મના અછૂત બનાવી દેવાયા છે."

"સરખામણી જ કરવાની આવે તો હું કહીશ કે ખ્રિસ્તીઓએ યહૂદીઓ સાથે જે વ્યવહાર કર્યો છે તેવો વ્યવહાર હિંદુઓએ અછૂતો સાથે કર્યો છે."

"અંગત મિત્રતા ઉપરાંત વ્યાપક આધાર પર પણ યહૂદીઓ સાથે મારી સહાનુભૂતિ છે. પરંતુ તેમની સાથેની મારી ગાઢ મિત્રતા મને ન્યાયને જોતા અટકાવી શકતી નથી." "તેથી યહૂદીઓની 'પોતાના રાષ્ટ્રીય ઘર'ની માંગણી મને યોગ્ય નથી લાગતી. તે માટે બાઇબલનો આધાર આપવામાં આવે છે અને પછી તે આધારે પેલેસ્ટાઈનમાં પરત જવાની વાત ઉઠાવવામાં આવે છે." "પરંતુ વિશ્વના તમામ લોકો કરે છે તેવું યહૂદીઓ કેમ નથી કરતા? તેમનો જ્યાં જન્મ થયો છે અને તેઓ જ્યાં રોજીરોટી કમાય છે તે જગ્યાને તેઓ પોતાનું ઘર કેમ નથી માનતા?"

## યહૂદીઓ સાથે ખ્રિસ્તીઓને અછૂત જેવો વ્યવહાર.



*યુરોપમાં યહૂદીઓ સાથે થતા દુર્વ્યવહાર ખાસ કરીને જર્મનીમાં હિટલરના અત્યાચારની મહાત્મા ગાંધીએ ટીકા કરી હતી.*

મહાત્મા ગાંધીનું કહેવું હતું કે, "અંગ્રેજો માટે જે રીતે ઇંગ્લેન્ડ છે અને ફ્રેન્ચ માટે ફ્રાન્સ છે, તેવી જ રીતે આરબો માટે પેલેસ્ટાઈનનો પ્રદેશ છે."

"આરબો પર યહૂદીઓને જબરદસ્તીથી થોપી બેસાડવામાં આવે તે ખોટું પણ હશે અને અમાનવીય પણ હશે. યહૂદીઓ જ્યાં પેદા થયા છે અને જ્યાં કમાઈ-ખાઈ રહ્યા છે ત્યાં તેમની સાથે સન્માનપૂર્વક વ્યવહાર થાય તે જ યોગ્ય ગણાશે."

"જો યહૂદીઓને પેલેસ્ટાઈનની જગ્યા જોઈતી હોય તો શું તેમને તેઓ આજે જ્યાં છે ત્યાંથી દુનિયાની તમામ જગ્યાએથી હઠાવવામાં આવે તે સારું લાગશે?"

"કે પછી તેઓ પોતાની મનમોજ માટે પોતાના બે ઘર ઇચ્છે છે? 'પોતાના માટે રાષ્ટ્રીય ઘર'ના દેકારાને બહુ આસાનીથી એવો રંગ આપી શકાય છે કે આ કારણથી જ તેમને જર્મનીમાંથી બહાર કાઢવામાં આવતા હતા."

"જર્મનીમાં યહૂદીઓ સાથે જે થયું તેનો દાખલો ઇતિહાસમાં ક્યાંય જોવા નથી મળતો."

"જૂના જમાનાનો કોઈ અત્યાચારી આટલી હદે નહોતો ગયો જે હદે હિટલર ગયા છે, અને તે પણ ધર્મ-કાર્યના ઉત્સાહની સાથે."

"જાણે તેઓ એક ખાસ પ્રકારના શુદ્ધ ધર્મ અને સૈન્ય રાષ્ટ્રીયતાની સ્થાપના કરી રહ્યા છે જેની સાથે તમામ અમાનવીય કાર્ય પણ માનવીય કાર્ય બની જાય છે."

"તેનું પુણ્ય અત્યારે જ અથવા ભવિષ્યમાં ક્યારેક મળશે જ. માનવતાના નામે અને તેની સ્થાપના માટે ક્યારેય જો એવું કોઈ યુદ્ધ થાય જેનું નિર્વિવાદપણે ઔચિત્ય હોય તો તે જર્મની સામે કરવામાં આવેલું મહાયુદ્ધ છે."

"તેણે એક જાતિના સંપૂર્ણ વિનાશને અટકાવ્યો."

"પરંતુ હું કોઈ પણ યુદ્ધમાં વિશ્વાસ નથી કરતો. તેથી આવા યુદ્ધનું ઔચિત્ય કે અનૌચિત્યનો વિચાર જ મારા માનસ પટલ પર સમાતો નથી."

"જર્મનીએ દુનિયાને બતાવી દીધું કે હિંસા જ્યારે માનવીયતાની બનાવટી નબળાઈઓમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ જાય ત્યારે તે કેટલી 'કુશળતા'થી કામ કરી શકે છે." "તે એ પણ દર્શાવે છે કે નગ્ન હિંસા કેટલી પાપજન્ય, ક્રૂર અને ડરામણી હોઈ શકે છે."

"શું યહૂદીઓ આ સંગઠિત અને બેશરમીપૂર્વકના દમનનો મુકાબલો કરી શકતા હતા?""શું એવો કોઈ રસ્તો છે જેનાથી તેઓ પોતાનું આત્મસન્માન બચાવી શકતા હોત જેથી તેઓ આટલા અસહાય, ઉપેક્ષિત અને એકલા ન પડ્યા હોત? હું કહીશ કે હા, છે."

"જે વ્યક્તિને ઇશ્વર પ્રત્યે પૂર્ણ જીવિત શ્રદ્ધા હશે તે ક્યારેય આટલી લાચારી અથવા એકલવાયાપણું અનુભવી જ ન શકે."

"ખ્રિસ્તિઓ, મુસલમાનો અને હિંદુઓના ભગવાનો કરતા યહૂદીઓના યહોવા (પરમેશ્વર) ક્યાંય વધારે માનવતરફી છે."

"જોકે, હકીકત તો એ છે કે આત્મતઃ તે બધામાં હોય છે અને સમાન છે. કેટલાકમાં તે સમજથી પણ આગળ છે. પરંતુ યહૂદી પરંપરામાં ઇશ્વરને વધારે માનવીય સ્વરૂપ આપવામાં આવ્યું છે."

"એવું માનવામાં આવે છે કે તે તેમની તમામ પ્રવૃત્તિઓનું નિયમન કરે છે, તેથી તેમણે આટલી અસહાયતા અનુભવવી જ શા માટે જોઈએ."

## ગાંધીજી યહૂદી હોત તો શું કર્યું હોત?



*મહાત્મા ગાંધી વિરુદ્ધ જર્મનીમાં પ્રદર્શન થયા હતા.*

મહાત્મા ગાંધીનું કહેવું હતું કે, "જો હું યહૂદી હોત અને જર્મનીમાં પેદા થયો હોત અને ત્યાંથી આજીવિકા મેળવતો હોત તો હું દાવો કરું છું કે જર્મની મારું એવી જ રીતે ઘર છે જે રીતે તે કોઈ પડછંદ જર્મનનું ઘર છે."

"મેં તેમને પડકાર ફેંક્યો હોત કે તમે મને ગોળી મારી દો અથવા જેલમાં બંધ કરી દો, હું મને અહીંથી ક્યાંય કાઢી મૂકવામાં આવે અથવા કોઈ ભેદભાવપૂર્વક વ્યવહાર કરવામાં આવે તેને સ્વીકારવા તૈયાર નથી."

"અને મેં એ વાતની રાહ પણ ન જોઈ હોત કે બીજા યહૂદીઓ પણ આવે અને આ સિવિલ અસહકારમાં મને સાથ આપે. તેનાથી ઉલ્ટું હું એ વિશ્વાસની સાથે આગળ વધી જાત કે અંતમાં બધા મારા રસ્તા પર જ ચાલશે."

"મેં બતાવેલા ઉપાયનો ઉપયોગ કોઈ એક યહૂદીએ કર્યો હોત, અથવા તમામ યહૂદીઓએ કર્યો હોત તો આજે તેમની હાલત જેટલી દયનીય છે, તેનાથી વધુ દયનીય તો ન જ હોત." "દક્ષિણ આફ્રિકામાં ભારતીયોની હાલત બિલકુલ એવી જ હતી જેવી સ્થિતિ જર્મનીમાં યહૂદીઓની છે. ત્યાં પણ દમનને એક ધાર્મિક રંગ આપવામાં આવ્યો હતો."

"રાષ્ટ્રપતિ ક્રૂઝર કહેતા હતા કે શ્વેત ખ્રિસ્તિઓ ઇશ્વરના પસંદ કરાયેલા સંતાનો છે, જ્યારે ભારતીયો ઉતરતી કક્ષાના છે, જેઓ ગોરાલોકોની સેવા માટે પેદા થયા છે."

"ટ્રાન્સવેલના બંધારણમાં એક પાયાની કલમ એ હતી કે શ્વેત અને અશ્વેત લોકો વચ્ચે કોઈ પણ પ્રકારની સમાનતા નહીં રાખી શકાય, જેમાં અશ્વેતોમાં તમામ એશિયનો પણ સામેલ હતા."

## દક્ષિણ આફ્રિકામાં વસતા ભારતીયો સાથે તુલના



*ગાંધીજી માનતા હતા કે ખ્રિસ્તી ધર્મના લોકોએ બાઇબલનું ખોટો અર્થઘટન કરીને યહૂદીઓની સતામણી કરી હતી.*

"દક્ષિણ આફ્રિકામાં પણ ભારતીયોને તેમના દ્વારા નિર્ધારિત વસાહતોમાં જ રહેવું પડતું હતું. જેને તેઓ 'લોકેશન' કહેતા હતા."

"બાકીની બધી અસમાનતાઓ લગભગ જર્મનીમાં યહૂદીઓ સાથે જે વર્તન કરવામાં આવે છે તેવી જ હતી. ત્યાં મુઠ્ઠીભર ભારતીયોએ સત્યાગ્રહનો રસ્તો અપનાવ્યો જેને બહારની દુનિયા કે ભારત સરકારનું કોઈ સમર્થન ન હતું."

"આઠ વર્ષ ચાલેલી લડાઈ બાદ વિશ્વ જનમત અને ભારત સરકાર સહાયતા માટે આગળ આવ્યા."

"પરંતુ જર્મનીમાં યહૂદીઓની સ્થિતિ દક્ષિણ આફ્રિકાના ભારતીયોની સરખામણીમાં ઘણી વધુ સારી છે. યહૂદી જાતિ જર્મનીમાં એક સંગઠિત જમાત છે."

" દક્ષિણ આફ્રિકાના ભારતીયોની સરખામણીમાં તેઓ વધારે આવડત ધરાવે છે અને પોતાની લડાઈના ટેકામાં વૈશ્વિક જનમત એકત્ર કરી શકે છે."

"મને વિશ્વાસ છે કે તેમાંથી કોઈ વ્યક્તિ સાહસ અને સમજણની સાથે ઊભી થશે અને અહિંસક કાર્યવાહીમાં તેમનું નેતૃત્વ કરશે, તો એક પળમાં જ તેમના નિરાશાના દિવસો પૂરા થશે અને તેમાં આશા ચમકી ઊઠશે."

"એ બાબતમાં મને કોઈ શંકા નથી કે પેલેસ્ટાઈનના વિસ્તારમાં રહેતા યહૂદીઓ ખોટા રસ્તે જઈ રહ્યા છે. બાઇબલમાં જે પેલેસ્ટાઈનની વાત કરવામાં આવી છે તેનો આજે કોઈ ભૌગોલિક આધાર નથી."

"આરબોની સદભાવનાથી જ તેઓ અહીં વસી શકતા હતા. તેમણે આરબોનું દિલ જિતવાની કોશિશ કરવી જોઈએ." "આરબોના હૃદયમાં પણ એ જ ઇશ્વર વસે છે જે યહૂદીઓના હૃદયમાં વસે છે."


"તેઓ આરબોની સામે સત્યાગ્રહ કરે અને તેમની વિરુદ્ધ એક આંગળી પણ ઊઠાવ્યા વગર પોતાની જાતને સમર્પિત કરી દે, ભલે પછી તેઓ તેમને ગોળીઓથી વીંધી નાખે કે સમુદ્રમાં ફેંકી દે."

"હું આરબો દ્વારા કરવામાં આવેલા અત્યાચારોનો બચાવ નથી કરતો, પરંતુ હું એવું માનું છું કે તેઓ પોતાના દેશમાં થતી અયોગ્ય દખલગીરીનો યોગ્ય રીતે જ વિરોધ કરી રહ્યા છે."

"હું એ પણ ઇચ્છું છું કે તેમણે અહિંસક રીતે તેનો મુકાબલો કરવાની જરૂર હતી. પરંતુ યોગ્ય અને અયોગ્યની જે સર્વમાન્ય વ્યાખ્યા બનાવવામાં આવી છે, તે દૃષ્ટિએ જોવામાં આવે તો અનેક પ્રતિકૂળતા વચ્ચે આરબોએ જે રીતે પ્રતિકાર કર્યો છે તેની તમે કઈ રીતે ટીકા કરી શકશો.."

"તેથી હવે યહૂદીઓ પર એ વાતનો આધાર છે કે તેઓ પોતાની વંશીય શ્રેષ્ઠતાનો દાવો કરે છે, તેને અહિંસક રીતે કરીને વિશ્વની સામે આ વાતનો પુરાવો આપે."

## જ્યારે જર્મનીમાં ગાંધીજીનો ભારે વિરોધ થયો હતો



***મહાત્મા ગાંધી માનતા હતા કે યહૂદીઓએ એવો રસ્તો ન અપનાવવો જોઈએ જ્યાં હિંસા થતી હોય.***

ગાંધીજીના આ નિવેદન પછી જે થવાનું હતું તે થયું. જર્મનીમાં ગાંધીજીનો ઉગ્ર વિરોધ શરૂ થયો.

ગાંધીજીએ ફરી કહ્યું, "જર્મનીમાં યહૂદીઓ સાથે થતા વ્યવહાર અંગે મારા લેખની સામે ગુસ્સાથી ભરેલી પ્રતિક્રિયા જોવા મળી છે. હું તેની અપેક્ષા કરી રહ્યો હતો."

"મેં તો યુરોપની રાજનીતિ અંગે મારું અજ્ઞાન પહેલેથી સ્વીકારી લીધું હતું. પરંતુ યહૂદીઓની બીમારીનો ઇલાજ જણાવવા માટે મારે યુરોપના રાજકારણના જાણકાર થવાની જરૂર ક્યાં હતી."

"તેમના પર થઈ રહેલા અત્યાચારો વિવાદથી આગળ છે. મારા લેખ અંગે તેમનો ગુસ્સો ઓછો થશે અને તેમની મનોસ્થિતિ થોડી શાંત થશે ત્યારે મારા પર સૌથી વધુ ગુસ્સો કરનારા જર્મન પણ સમજી શકશે કે મેં જે લખ્યું હતું તેમાં મારા મનમાં જર્મનો પ્રત્યે દુર્ભાવના નહીં, પરંતુ મિત્રતાનું ઝરણું જ વહી રહ્યું છે."

"મારા લેખથી, મારું, મારા આંદોલનનું કે ભારત-જર્મની સંબંધોનું કોઈ ભલું નથી થયું એવું કહેવું તેમાં મને કોઈ પણ પ્રકારનો તર્ક નથી લાગતો."

"મને તો તેમાં ધમકી જેવું કંઇક છુપાયું હોય તેમ લાગે છે. મને મારા અંતરના ઊંડાણથી જે સલાહ 100 ટકા ખરી લાગતી હોય તે સલાહ હું મને બચાવવા, પોતાના દેશને બચાવવા કે ભારત-જર્મની સંબંધોને બચાવવા માટે ન આપું તો હું મારી જાતને કાયર સમજીશ."

"બર્લિનના તે લેખકે તો કમાલનો સિદ્ધાંત બનાવી દીધો છે કે જર્મની બહારની કોઈ પણ વ્યક્તિએ મિત્રતાના ભાવે પણ જર્મનીના કોઈ પણ પગલાંની ટીકા કરવી ન જોઈએ."

"હું મારા માટે તો કહી જ શકું છું કે જર્મની કે કોઈપણ દેશની કોઈપણ વ્યક્તિ ભારતની ટીકા કરવા માટે દૂરથી કોડી શોધી આવશે તો પણ હું તેમનું સ્વાગત કરીશ."

**પેલેસ્ટાઈનની જમીન પર કબ્જાથી નારાજગી.**



*મહાત્મા ગાંધી માનતા હતા કે જો તેઓ યહૂદી હોત તો તેમણે આવી સલાહ આપી હોત -'એવી મૂર્ખતા ન કરતા કે તેના માટે તમારે આતંકનો રસ્તો અપનાવવો પડેઆવું કરશો તો તમે પોતાના . .મામલાને જ બગાડી મૂકશો જે આમ તો માત્ર ન્યાયનો વિવાદ છે'*

1946ના મધ્યમાં ગાંધીજી આરામ કરવા માટે પોતાના મનપસંદ સ્થળ પંચગની પહોંચ્યા ત્યારે 14 જુલાઈ 1946ના રોજ તેમણે યહૂદી અને પેલેસ્ટાઈન શીર્ષક હેઠળ એક તંત્રીલેખ લખ્યો.

તેમણે લખ્યું કે, "યહૂદીઓ અને આરબો વચ્ચેના વિવાદમાં જાહેરમાં કંઈ પણ બોલવાનું હું ટાળતો આવ્યો છું, અને તેના કારણો છે."

"આ મામલામાં મને કોઈ રસ નથી તે કારણ નથી, પરંતુ મને લાગે છે કે આ મામલે મારી જાણકારી અપૂરતી છે. આવા જ કારણોથી હું આંતરરાષ્ટ્રીય સવાલો પર પોતાની વાત મૂકવાનું ટાળું છું."

"મારી પાસે આમેય જીવ બાળવા માટે ઘણું બધું છે. પરંતુ એક અખબારમાં છપાયેલા ચાર લીટીના સમાચારે મને મૌન તોડવાની ફરજ પાડી છે, અને તે પણ જ્યારે એક મિત્રે તેના તરફ મારું ધ્યાન દોરવા માટે તેનું કટિંગ મોકલ્યું."

"હું માનું છું કે દુનિયાએ યહૂદીઓની સાથે બહુ ક્રુર અત્યાચાર કર્યા છે. મારી જાણકારી મુજબ યુરોપના અનેક વિસ્તારોમાં યહૂદીઓની વસાહતોને 'ઘેટો' કહેવામાં આવે છે." "તેમની સાથે જે નિર્દયતાપૂર્વક વ્યવહાર થયો, તે વ્યવહાર થયો ન હોત તો તેમને ક્યારેય પેલેસ્ટાઇનના પ્રદેશમાં પાછા ફરવાની જરૂર પેદા થઈ ન હોત. પોતાની વિશિષ્ટ પ્રતિભા અને આવડતના કારણે આખી દુનિયા તેમનું ઘર હોત."

"પરંતુ તેમણે સૌથી મોટી ભૂલ એ કરી કે તેમણે પેલેસ્ટાઈનના પ્રદેશ પર બળજબરીથી પોતાને થોપી બેસાડ્યા. સૌથી પહેલા અમેરિકા અને બ્રિટનની મદદથી અને હવે નગ્ન આતંકવાદની તાકાતથી."

"તેમની વિશ્વ નાગરિકતા તેમને વિશ્વના કોઈ પણ દેશના સન્માનિત નાગરિક બનાવી શકતી હતી. તેમની કુશળતા, તેમની બહુમુખી પ્રતિભા અને સમજણપૂર્વક કામ કરવાની મહાન ક્ષમતાને કોણ નથી બિરદાવતું!"

"ખ્રિસ્તિ ધર્મના માટે આ વાત કલંક સમાન છે કે તેણે 'ન્યૂ ટેસ્ટામેન્ટ'ના ખોટા અભ્યાસ અને તેની ખોટી વ્યાખ્યા કરીને યહૂદી સમાજને નિશાન બનાવ્યો કે એક યહૂદી કોઈ ભૂલ કરે તો પણ આખા યહૂદી સમાજને તેનો અપરાધી ગણવામાં આવશે."

"આઈન્સ્ટાઈન જેવા કોઈ એક યહૂદી મહાન સંશોધન કરે અથવા કોઈ સંગીતકાર અભૂતપૂર્વ સંગીતની રચના કરે

તો તેને એક વ્યક્તિની સફળતા માનવામાં આવશે, તેના માટે તેમના સમુદાયને શ્રેય નહીં આપવામાં આવે."

"કોઈને એ વાતનું આશ્ચર્ય હોવું ન જોઈએ કે યહૂદીઓને જે તકલીફદાયક સ્થિતિમાં નાખવામાં આવ્યા છે તે કારણથી મારી સહાનુભૂતિ તેમની સાથે છે."

" પરંતુ હું એ પણ વિચારું છું કે પ્રતિકૂળ પરિસ્થિતિ આપણને શાંતિનો પાઠ પણ ભણાવે છે."


"જ્યાં તેમનું સહજ સ્વાગત નથી તેવી જગ્યાએ જવાની અને ત્યાંના લોકો પર પોતાની જાતને અમેરિકન સંપત્તિ અને બ્રિટિશ હથિયારોના બળે થોપી બેસાડવાની શું જરૂર હતી?"

"પેલેસ્ટાઈનની જમીન પર પોતાની બળજબરીપૂર્વકની સ્થિતિને મજબૂત બનાવવા માટે આતંકવાદી ઉપાયોનો સહારો લેવાનું યહૂદીઓને કેમ ગમ્યું?"

"જ્યાં તેમનું સહજ સ્વાગત નથી તેવી જગ્યાએ જવાની અને ત્યાંના લોકો પર પોતાની જાતને અમેરિકન સંપત્તિ અને બ્રિટિશ હથિયારોના બળે થોપી બેસાડવાની શું જરૂર હતી?"

"પેલેસ્ટાઈનની જમીન પર પોતાની બળજબરીપૂર્વકની સ્થિતિને મજબૂત બનાવવા માટે આતંકવાદી ઉપાયોનો સહારો લેવાનું યહૂદીઓને કેમ ગમ્યું?"

## ગાંધીજીએ આશંકા વ્યક્ત કરી હતી



*ઇઝરાયલ-પેલેસ્ટાઇન વિવાદ પર મહાત્મા ગાંધીએ કહ્યું હતું, "આ એક એવો પ્રશ્ન બની ગયો છે જેનો લગભગ કોઈ ઉકેલ નથી."*

5 મે 1947ના રોજ સમાચાર એજન્સી રૉઈટરના દિલ્હી સ્થિત સંવાદદાતા ડૂન કૅમ્પબેલે ગાંધીજીનું ધ્યાન ફરીથી પેલેસ્ટાઇનના મુદ્દે ખેંચ્યું હતું.

તેમણે સવાલ કર્યો કે પેલેસ્ટાઈનના પ્રશ્નમાં તમને શું ઉપાય દેખાય છે?

તે સમયે ગાંધીજીએ કહ્યું હતું કે, "આ એવી સમસ્યા બની ગયું છે જેનો લગભગ કોઈ ઉકેલ નથી."

"જો હું યહૂદી હોત તો મેં તેમને કહ્યું હોત, 'એવી મૂર્ખતા ન કરતા કે તેના માટે તમારે આતંકનો રસ્તો અપનાવવો પડે.

આવું કરશો તો તમે પોતાના મામલાને જ બગાડી મૂકશો જે આમ તો માત્ર ન્યાયનો વિવાદ છે.' જો આ માત્ર રાજનૈતિક ખેંચતાણ હોય તો હું કહીશ કે આ બધું વ્યર્થ થઈ રહ્યું છે."

"યહૂદીઓએ આગળ વધીને આરબો સાથે મિત્રતા કરવી જોઈએ અને બ્રિટિશ હોય કે અમેરિકન, કોઈની પણ સહાયતા વગર યહોવાના વારસદારોએ તેમને મળેલી શીખ અને તેમનો વારસો સંભાળવો જોઈએ."

પરંતુ કોઈને કોઈનો વારસો નહોતો સંભાળવો. બધાને ગાદી જ સંભાળવી હતી.

ગાંધીજી સત્તાની આ ભૂખને ઓળખી ગયા હતા.

તેથી તેઓ કૅમ્પબેલને એવું કહી દીધું, "આ એક એવો પ્રશ્ન બની ગયો છે જેનો લગભગ કોઈ ઉકેલ નથી."

આમ તો ઇઝરાયલની સ્થાપના, એટલે કે 14 મે 1948થી ત્રણ મહિના અગાઉ જ ગાંધીજીની હત્યા કરી દેવામાં આવી હતી.

પરંતુ ગાંધીજીએ જે આશંકા વ્યક્ત કરી હતી તેને લગભગ 75 વર્ષ પૂરા થવાના છે.

યુદ્ધ અને યુદ્ધવિરામ વચ્ચે ભીંસાતા પેલેસ્ટાઈનવાસીઓ-ઇઝરાયલી હજુ સુધી કોઈ ઉકેલ સુધી નથી પહોંચ્યા.

વિશ્વની મહાસત્તાઓ અને બંને પક્ષના સત્તાધીશો પાછળ ખસી જાય તો જેરૂસલેમના સંતાનો પોતાની જાતે પોતાનો રસ્તો શોધી લેશે.

પરંતુ તેમને કોઈ આવું કરવા દેશે ખરું?

***(આ લેખકના અંગત વિચારો છે. લેખક ગાંધી પિસ ફાઉન્ડેશનના ચેરમેન છે.)***

# ઓરોવિલ



*ઓરોવિલની ટાઉનશિપના કેન્દ્રમાં પીસ એરિયા છે જ્યાં મોટું ગોલ્ડન સ્પરિકલવાળું એક મંદિર છે. આ મંદિરને માતા મંદિર કહેવામાં આવે છે. વચ્ચે એક માતૃ મંદિર છે જ્યાં લોકો મેડિટેશન કરે છે.*

ચેન્નાઈથી 150 કિલોમીટર દૂર આવેલા ઓરોવિલ ફાઉન્ડેશન પોતાની રીતે જ એક શહેર પણ છે, જ્યાં મુદ્રા એટલે કરન્સી જેવું કંઈ જ નથી. આ શહેરની વસ્તી 2500ની આસપાસ છે. આ શહેરમાં એવી સુખ સુવિધાઓ છે કે સારામાં સાર મોટા શહેર પણ તેની સામે ટકતા નથી, એટલે કે આ એક પોતાનામાં જ નાનું એવું સ્માર્ટ સિટી છે. ઓરોવિલની સ્થાપના 1968માં યુનેસ્કોના સહયોગથી અરવિંદ સોસાયટીના માં મીરા અલ્ફાંસાએ કરી હતી. રોજર એન્ગર નામના બ્રિટિશ આર્કિટેક્ચરે તેની ડિઝાઈન તૈયાર કરી હતી. જે ડિઝાઈન એક ગેલેક્સીની જેમ છે અને તેની વચ્ચે એક માતૃ મંદિર છે જ્યાં લોકો મેડિટેશન કરે છે.

ઓરોવિલની સ્થાપના માટે ભારત સરકારની મંજૂરી બાદ તેને યુનિસ્કોની સામે રાખવામાં આવ્યું હતું, જ્યાં એક રિઝોલ્યુશન પાસ કરીને તેના નિર્માણની મંજૂરી આપવામાં આવી. આ રિઝોલ્યૂશનનું સમર્થન ભારત સહિત યુનિસ્કોના સભ્ય દેશોએ કર્યો. 18 ફેબ્રુઆરી, 1968નાં રોજ ઓરોવિલના ઉદ્ઘાટન સમારંભમાં 124 દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતા તેઓ પોતાની સાથે પોતાના દેશની માટી લઈને આવ્યા હતા, જેને એક સંગેમરમરના કમળના આકારના બનેલા કળશમાં રાખવામાં આવી, આ કામ અહીં આવેલા એક વડલાના ઝાડ નીચે થયું હતું.



*ઓરોવિલમાં આવેલું ઐતિહાસિક વડનું ઝાડ. જેની નીચે 124 દેશની માટી કળશમાં મુકાઈ હતી.*



*ઓરોવિલમાં 42 દેશોના લોકો ઘણી જ સાદગીથી જીવન વિતાવે છે. જેમાંથી 30 ટકા ભારતીય પણ છે*

આ શહેર કોઈ વ્યક્તિ વિશેષનું નથી, પરંતુ દરેક લોકોનું છે. એટલું જ નહીં અહીંના કાયદા-કાનૂન પણ અલગ છે. અહીં 42 દેશોના લોકો ઘણી જ સાદગીથી જીવન વિતાવે છે. જેમાંથી 30 ટકા ભારતીય પણ છે.


ઓરોવિલમાં સ્કૂલ, હોસ્પિટલથી લઈને યુનિવર્સિટી પણ છે. તેમજ લોકોની જરૂરિયાત દરેક ચીજવસ્તુ પણ આસાનીથી મળી રહે છે. પુડુચેરીથી નજીક વિલુપ્પુરમમાં સ્થિત એરોવિલના લોકો માટે કહેવાય છે કે આ શહેર સૂર્યોદયનું શહેર છે. અહીં વિશ્વના કોઈ પણ ખૂણેથી કે દેશમાંથી આવીને વસી શકાય છે. અહીં આવતા લોકોનો ન તો ધર્મ પૂછવામાં આવે છે કે ન તો તેની રાષ્ટ્રીયતા. આ જગ્યા માનવીય સંવેદનાનું ચરમસ્થાન છે.

મીરા અલ્ફાન્સા મૂળરૂપે ફ્રાંસના પેરિસના રહેવાસી હતી. તેઓ પહેલી વખત ભારત 1914માં આવ્યા અને અરવિંદને મળ્યા. તેમના જણાવ્યા અનુસાર અરવિંદને મળ્યા બાદ તેઓને અનુભવ થયો કે આ તે જ છે જેમના અંગે તેઓને નાનપણમાં સપના આવતા હતા. આવું કહીને તેઓ મહર્ષિ અરવિંદના શિષ્યા બની ગયા. અરવિંદ ઘોષ પણ તેમને માતા કહીને સંબોધતા હતા, જેથી જ તેમના અનુયાયી મીરા અલ્ફાન્સાને માં કહેતા હતા.




માં મીરાએ ભારત યાત્રા દરમિયાન પ્રિયોડિકલ આર્યનું ફ્રેંચ વર્ઝન પબ્લિશ કરાવ્યું જેમાં મહર્ષિ અરવિંદની લેખન સામગ્રી સંગ્રહિત હતી. અને તેઓએ 1926માં અરવિંદ આશ્રમની સ્થાપના પુડુચેરીમાં કરાવી હતી. મહર્ષિ અરવિંદનું માનવું હતું કે જીવનને આધ્યાત્મિક જીવન તરફ વાળવું જોઈએ. કેમકે આધ્યાત્મિકતાનું જ્ઞાન

જ તે જ્ઞાન છે, જે ઈન્સાનને તમામ બંધનોથી મુક્ત કરાવે છે. સાથે જ તેમના વિચારોની સંકીર્ણતાને બદલે છે. આ વિચારના પાયા પર જ માં મીરાએ એરોવિલ ટાઉનશિપ ઊભી કરી. માં મીરાનું મૃત્યુ 17 નવેમ્બર, 1973નાં રોજ થયું હતું.



ક્રાંતિકારી મહર્ષિ અરવિંદ ઘોષનો જન્મ 15 ઓગસ્ટ, 1872નાં રોજ કોલકાતામાં થયો હતો. અરવિંદના પિતાનું નામ કેડી ઘોષ અને માતાનું નામ સ્વમલતા હતું. અરવિંદ ઘોષે દાર્જિલિંગના લોરેન્ટો કોન્વેન્ટ સ્કૂલમાંથી પોતાનું શિક્ષણ પૂરું કર્યા બાદ, 1879માં ઉચ્ચ શિક્ષણ માટે ઈંગ્લેન્ડ ગયા. લંડનની સેન્ટ પોલમાં તેઓએ અભ્યાસર પૂર્ણ કર્યો. જે બાદ તેઓએ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો. પિતાના સતત આગ્રહના કારણે તેઓએ ICS માટે આવેદન કર્યું અને તેની તૈયારી કરી. 1890માં તેઓએ ભારતીય સિવિલ સેવા પરીક્ષા પાસ કરી. પરંતુ તે સમયે સિવિલ સર્વિસ પરીક્ષામાં ઘોડેસવારીની પરીક્ષા જરૂરી હતી, જે તેઓએ ન આપી અને તેમને સિવિલ સેવામાં પ્રવેશ ન મળ્યો.

ભારત આવ્યા બાદ વર્ષ 1902માં અરવિંદ ઘોષની મુલાકાત ક્રાંતિકારી બાલ ગંગાધર સાથે થઈ. તિલકના ક્રાંતિકારી વિચારોથી ઘોષ ઘણાં જ પ્રભાવિત થયા અને તેઓને પોતાના જીવનના ઉદ્દેશ્યનો માર્ગ મળી ગયો. 1916માં ઘોષ કોંગ્રેસ સાથે જોડાયા, જ્યાં તેઓની મુલાકાત લાલ, બાલ અને પાલ એટલે કે લાલા લજપત રાય, બાલ ગંગાધર તિલક અને બિપિનચંદ્ર પાલના સમર્થક બની ગયા. વર્ષ 1905માં બંગ ભંગ આંદોલન થયું અને તેમાં અત્યાચાર કરનાર કિંગ્સફોર્ડને મારવાનો પ્લાન ખુદીરામ બોઝ અને પ્રફુલ ચાકીએ બનાવ્યો. પ્લાન અસફળ રહ્યો પરંતુ તપાસ કરવામાં આવતા તેના તાર ઘોષ સુધી પહોંચ્યા. ક્રાંતિકારી ઘોષની પ્રવૃતિઓથી અંગ્રેજો ભયભીત થઈને 1908માં તેમને અને તેમના ભાઈને અલીપુર જેલ મોકલવામાં આવ્યા. જેલમાંથી છૂટીને અંગ્રેજીમાં કર્મયોગી અને બંગાળ ભાષામાં ધર્મ પત્રિકાઓનું સંપાદન કર્યું. વર્ષ 1912 સુધી તેઓએ સક્રિય રાજનીતિમાં ભાગ લીધો. જે બાદ તેમની રૂચિ ગીતા, ઉપનિષદ અને વેદોમાં થઈ.



ભારતીય સંસ્કૃતિ અંગે મહર્ષિ અરવિંદે ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયન કલ્ચર અને અ ડિફેન્સ ઓફ ઈન્ડિયન કલ્ચર નામના પ્રસિદ્ધ પુસ્તકો લખ્યા. તેમની કવિતા સાવિત્રી અનમોલ ધરોહર છે.વર્ષ 1926થી 1950 સુધી તેઓ અરવિંદ આશ્રમમાં તપસ્યા અને સાધનામાં જ લીન રહ્યાં. અહીં તેઓએ સભાઓ, ભાષાઓથી દૂર રહિને માત્ર

માનવ કલ્યાણ માટે જ ચિંતન કર્યું. વર્ષો સુધીની તપસ્યા બાદ તેમની કૃતિ લાઈફ ડિવાઈન પ્રકાશિત થઈ, જેની ગણના વિશ્વની મહાન કૃતિઓમાં કરવામાં આવે છે. આ રીતે તેઓ યોગી અને મહર્ષિ ગણાવવા લાગ્યા. મહર્ષિએ પોતાની જેલ યાત્રા દરમિયાન પોંડિચેરીમાં એક આશ્રમ સ્થાપિત કર્યો અને વેદ, ઉપનિષદ ગ્રંથો વગેરે પર ટીકાઓ લખી. તેઓ અરવિંદ આશ્રમ ઓરોવિલના સંસ્થાપક હતા. તેમના લખેલા લેખોથી લોકોને સ્વરાજ, વિદેશી સામાનોનો બહિષ્કાર અને સ્વતંત્રતા મેળવવાના વિચારો આપ્યા. પુડુચેરીમાં 1950માં 5 ડિસેમ્બરે તેમનું નિધન થયું.

ઓરોવિલને લઈને જે સૌથી અનોખી વાત અહીં લોકોના ખેંચે છે તે છે અહીં રૂપિયા કે પૈસાનું ચલણ જ નથી. 1985-86માં એક ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર સ્ટાર્ટ કરાયું હતું, ત્યારથી તે RBIની આજ્ઞાથી બેંકની જેમ જ કામ કરે છે. જેમાં અહીં રહેતા લોકો પોતાના પૈસા ઓનલાઈન કે ઓફલાઈન જમા કરાવે છે. જેના બદલામાં ઓરોવિલે ફાયનાન્સિયલ સર્વિસ એક એકાઉન્ટ નંબર આપે છે. ઓરોવિલમાં આવેલા લગભગ 200 કોમર્શિયલ સેન્ટર અને નાની-મોટી દુકાનો પર આ એકાઉન્ટ નંબર બતાવીને કે ખરીદી કરવામાં આવે છે.

તો જે વિઝિટર્સ અહીં આવે છે, તેમના માટે એક ટેમ્પરરી એકાઉન્ટ ઓપન કરવામાં આવે છે અને ખાસ પ્રકારનું ડેબિટ કાર્ડ તેમને આપવામાં આવે છે જેને ઓરો કાર્ડ કહેવામાં આવે છે. અહીં રહેતા લોકો પોતાની કમાણીનો કેટલોક હિસ્સો કોમ્યુનિટી કે વેલફેરમાં આપે છે. ઓરોવિલનું સેન્ટ્રલ ફંડનું બજેટ 33 ટકા ભાગ અહીંના કોમર્શિયલ યુનિટ્સથી આવે છે, જ્યારે કે ભારત સરકાર પણ થોડું ઘણું યોગદાન આપે છે. આ ઉપરાંત અહીં એક મેઈનટનન્સ ડિપાર્ટમેન્ટ છે જ્યાંથી અહીં રહેતા લોકો પોતાની જરૂરિયાત મુજબથી આર્થિક મદદ લઈ શકે છે. આ જગ્યાએ ઘરોના માલિક તેમાં રહેતા લોકો નહીં પરંતુ ઓરોવિલ ફાઉન્ડેશન છે. આઈએસ અધિકારી વહિવટદાર તરીકે નિમાય છે.



**ઓરોવિલઃ ધ સીટી ઓફ ડાઉન 6 ભાગમાં વેચાયેલું છે**

*ઓરોવિલ 6 ભાગમાં વેચાયેલું એક સ્માર્ટ સિટી છે. ઓરોવિલની ટાઉનશિપના કેન્દ્રમાં પીસ એરિયા છે જ્યાં મોટું ગોલ્ડન સ્પરિકલવાળું એક મંદિર છે. આ મંદિરને માતા મંદિર કહેવામાં આવે છે. જેમાં ચારેબાજુ ગોળાકાર ગાર્ડન છે, જેમાં સંગેમરમરનો કળશે જ્યાં 124 દેશ અને ભારતના 21 રાજ્યોની માટી છે. આ ઉપરાંત આ ગાર્ડનમાં વોટર રિચાર્જ માટે એક તળાવે છે જે અહીંના વાતાવરણને શાંતિમય બનાવે છે.

*પીસ એરિયા બાદ ઈન્ડસ્ટ્રીયલ ઝોન પણ છે જેમં ગ્રીન ઈન્ડસ્ટ્રીઝ છે. જે 109 હેકડરમાં ફેલાયેલું છે. આ ઝોનનો મુખ્ય ઉદ્દેશ્ય ટાઉનશિપને આત્મનિર્ભર બનાવવાનો છે.

*ઈન્ડસ્ટ્રીયલ ઝોન બાદ 189 હેકટરમાં રેસિડેન્સિયાલ એરિયા પણ છે. જેનો 55% ભાગ ગ્રીન છે અને 45% વિસ્તારમાં બિલ્ડિંગ છે.

*રેસિડેન્શિયલ એરિયા પછી 93 હેકટેરનું કલ્ચરલ ઝોન છે. જ્યાં શિક્ષા, રિસર્ચ અને આર્ટને સમર્પિત ભાગ છે.

*આ ઉપરાંત એક મોટો ગ્રીન બેલ્ટ એરિયા છે. જે આ બધાં જ ભાગોને ગોળાકાર રૂપે કવર કરે છે. જેનો વિસ્તાર 1.25 કિલોમીટર છે. આ હાલ 405 હેકટરમાં ફેલાયેલો છે જ્યાં પશુપાલન અને અન્ય વન્ય જીવોને રહેવા માટે જગ્યા છોડવામાં આવી છે.

*આ ઉપરાંત અહીં આજુબાજુ અનેક સુંદર બીચ પણ છે. જેમાં સેરેનિટી બીચ, પ્રોમેનાડે બીચ, પેરાડાઈઝ બીચ, માહે બીચ, કરાયકલ બીચ સામેલ છે.

*અહીં રોકાવા માટે અરવિંદો આશ્રમના અનેક ગેસ્ટ હાઉસ ઉપરાંત હોટલ પણ છે. પરંતુ પહેલાંથી બુકિંગ કરવાની અસુવિધાથી બચી શકાય છે.

**ભારતના બંધારણમાં એક અલગ જગ્યા**



*1988માં ધ ઓરોવિલ ફાઉન્ડેશન એક્ટ સંસદમાં પાસ થયો. આ એક્ટ અંતર્ગત જ અહીંની તમામ ચલ અને અચલ સંપત્તિ ફાઉન્ડેશનના આધીન આવી ગઈ.*

ઓરોવિલને લઈને માં મીરાનું માનવું હતું કે, 'આની સ્વતંત્રતા પર ભારત સરકાર એક ખતરો છે.' તેમની માન્યતા તેમના નિધન બાદ સાચી સાબિત થઈ. 1980માં ભારત સરકારે એક ઈમરજન્સી ઓરોવિલ પ્રોવિઝનલ એક્ટ પાસ કર્યો અને તેનું મેનેજમેન્ટ પોતાના હાથમાં લઈ લીધું. જેના વિરૂદ્ધ અહીંની સોસાયટીએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી, કોર્ટના અંતિમ ચુકાદામાં સરકારના હસ્તક્ષેપને બંધારણીય રીતે કાયદેસરનું માનવામાં આવ્યું છે.



*અહીં આજુબાજુ અનેક સુંદર બીચ છે. જેમાં સેરેનિટી બીચ, પ્રોમેનાડે બીચ, પેરાડાઈઝ બીચ, માહે બીચ, કરાયકલ બીચ સામેલ છે.*

1988માં ઓરોવિલ મેનેજમેન્ટ માટે એક સારી વ્યવસ્થા કરવાની જરૂરિયાત ઊભી થઈ. આ વખતે સરકારમાં શિક્ષા સલાહકાર કિરીટ જોશી કે જેઓ ટાઉનશિપના રિપ્રેઝેન્ટેટિવ પણ હતા, તેઓએ તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધી સાથે આ મુદ્દે વાત કરી, જે બાદ 1988માં ધ ઓરોવિલ ફાઉન્ડેશન એક્ટ સંસદમાં પાસ થયો. આ એક્ટ અંતર્ગત જ અહીંની તમામ ચલ અને અચલ સંપત્તિ ફાઉન્ડેશનના આધીન આવી ગઈ. અહીં ત્રણ સ્તરવાળું ગવર્નિંગ સિસ્ટમ કે જે ગવર્નિંગ બોર્ડ, રિસેડન્ટ એસેમ્બલી અને ઓરોવિલ ઈન્ટરનેશનલ એડવાયઝરી કાઉન્સિલ લાગુ કરાયું. ઓરોવિલ ફાઉન્ડેશન મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ અંતર્ગત આવતું એક ઓટોનોમસ બોડી છે. એરોવિલ ભારત સરકારની અંદર હોવા છતાં પણ તે સ્વતંત્ર છે, જ્યાં ભારત સરકારના પ્રતિનિધિ કે IAS અધિકારીની નિમણૂંક થાય છે.

**(સૌજન્ય: દિવ્ય ભાસ્કર)**

# અમેરિકન અશ્વેત જ્યોર્જ ફ્લોયડની વાર્ષિકી




જ્યોર્જ ફ્લોયડ હવે અમેરિકાના અશ્વેતોના સંઘર્ષ માટેનું એક પ્રતીકાત્મક નામ છે. એના મૃત્યુને એક વરસ પૂરું થયું. સમગ્ર અમેરિકાના અશ્વેત નાગરિકોએ એને સ્મરણાંજલિ આપી. મિનેસોટા રાજ્યના જાણીતા મિનૅઆપૉલિસ શહેરની આ ઘટનામાં ચાઉવિન નામના ગોરા પોલીસ અધિકારીએ અશ્વેત ફ્લોયડને રસ્તા પર ઝૂકાવીને એવી રીતે એનું ગળું દબાવ્યું કે ફ્લોયડે બૂમ પાડી કહ્યું કે હું શ્વાસ નથી લઈ શકતો.

છતાં એ પોલીસ અધિકારીને દયા ન આવી અને જોતજોતામાં તો એનો શ્વાસ રૂંધાઈ ગયો ને એ મૃત્યુ પામ્યો. એક વરસ પહેલાની આ ઘટનામાં અમેરિકાના અશ્વેતોએ ભીષણ આંદોલન ઉપાડયું અને ગોરાઓની સંખ્યાબંધ ઈમારતો ભડકે બાળી. એ ડેરેક ચાઉવિન દ્વારા થયેલી આ હત્યાના કેસનો ચૂકાદો આ મહિને પચીસમી તારીખે આવશે.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારથી સત્તા પર આવ્યા હતા ત્યારથી પરોક્ષ રીતે મૂળ આદિ અમેરિકન એવા અશ્વેતોની ઉપેક્ષા કરતા હતા. તેઓ ગોરાઓના જ રાષ્ટ્રપ્રમુખ હોય એ રીતે અશ્વેતોની ઉપેક્ષા કરતા. એ તો નક્કી જ હતું કે જ્યારે પણ બહાનું મળશે ત્યારે અશ્વેતોનો ભારેલો અગ્નિ ટ્રમ્પ સરકાર સામે ભભૂકી ઉઠશે.

વળી આ અગ્નિ પ્રાગટયનું અણચિંતવ્યું મુહૂર્ત કોરોનાના કટાણે અમેરિકાને ઠેબે ચડયું. એટલે એ સમયે આખા અમેરિકામાં ઠેર ઠેર અશ્વેતોને ન્યાય અપાવવાના આંદોલનો ફાટી નીકળ્યા હતા. એમાં ટ્રમ્પછાપ ગોરાઓ પણ માનવતાના ધોરણે બહુસંખ્ય જોડાયેલા હતા

અનેક અમેરિકી શહેરોમાં કોરોનાની લાજ રાખ્યા વિના નાગરિકોના ટોળાઓ રસ્તા પર આવી ગયા હતા. એકાએક ફાટી નીકળેલા એ તોફાનોમાં કોરોના સાથે કામ પાડવામાં ઘોર નિષ્ફળતા વેઠી રહેલા ટ્રમ્પનો વિરોધ પણ સંમિલિત થઈ ગયો હતો. એ તો જગખ્માત લાંછન છે કે અમેરિકી સરકારનું વ્યવસ્થાતંત્ર અને પોલીસ અશ્વેતો પ્રત્યે બહુ આકરા છે. જ્યોર્જ ફ્લોયડનો વાંક સાવ સામાન્ય હતો અને અચાનક જ સજા મોતની મળી.

કદાચ પોલીસનો ઈરાદો એને મોતને ઘાટ ઉતારવાનો ન હોય તો પણ મોત તો પોલીસને હાથે થયું. સળંગ દસેક મિનિટ એનું ગળું દાબી રાખવામાં આવ્યું હતું.

પોલીસની જાણ બહાર છાને ખૂણેથી આ આખી ઘટનાનું વીડિયો રેકાર્ડિંગ થઈ ગયું ને પછીથી એ વાયરલ થતા તોફાનોએ અમેરિકાને ઘમરોળ્યું. અમેરિકી ગોરા પોલીસ તંત્રમાં અશ્વેતો તરફનો જે પૂર્વગ્રહ છે તત્ સંબંધિત આવી જોહુકમી અને અત્યાચાર દૂધવારે, દહીંવારે અને છાશવારે થતાં જ રહે છે.

આ ઘટનામાં નાવીન્ય એટલું જ છે કે સામાન્ય રકઝકમાં પોલીસે એવું આત્યંતિક વલણ અપનાવ્યું કે મિસ્ટર જ્યોર્જ ફ્લોયડનો જીવ પણ ગયો.

જ્યારે કોરોના વાયરસ અમેરિકામાં સતત વધવા લાગ્યો ત્યારે અમેરિકનોએ એને ગ્રેટ ઈક્વેલાઈઝર કહ્યો. એટલે કે આખા અમેરિકામાં આ વાયરસ જ એક માત્ર એવો છે જે ગોરા-કાળાનો ભેદ કરતો નથી અને સહુને સમાન રીતે પ્રભાવિત કરે છે. આમાં કટાક્ષ એ છે કે કોરોના સિવાયનું આખું અમેરિકા શ્વેત-અશ્વેતનો ભેદ આચરે છે.

પરંતુ અનુભવે આ વાત ખોટી સાબિત થઈ. અમેરિકામાં દુઃખી અને દરિદ્ર પ્રજા અશ્વેતોની છે. એટલે એના પર કોરોનાનો માર વધુ પડયો. આમ પણ સંયોગો બદલાય ત્યારે દુઃખી જ વધુ દુઃખી થતા હોય છે એટલે જ ચાણક્યે કહ્યું કે કોઈ પણ સંજોગોમાં સુખી થતા શીખો અને એ માટે પ્રચંડ પુરુષાર્થ કરો.

આજે અમેરિકામાં ગોરાઓની તુલનામાં અશ્વેતોનો મૃત્યુઆંક અઢીગણો વધારે છે. બહુત બેઈન્સાફી હૈ યે...! અને એનું એક કારણ એ પણ છે કે ત્યાંનું આરોગ્યતંત્ર ગોરાઓને અગ્રતાક્રમ આપે છે. માણસાઈના દુકાળની આ પરાકાષ્ઠા છે. તોફાનો શરૂ થયા ત્યારથી ડોનાલ્ડ ટ્રમ્પનો અહંકાર ઔર ઊંચે ગયો. એમણે એવા વિધાનો ટ્વીટ કર્યા કે તોફાનો વધુ ફેલાવા લાગ્યા.

અશ્વેતો વધુ ભડક્યા અને ટોળેટોળાઓ વ્હાઈટ હાઉસ સુધી ધસી ગયા જેને કારણે ટ્રમ્પને તરત એક સલામત બંકરમાં ખસેડવા પડયા. અશ્વેતોની રોજીરોટી સડક સાથે જોડાયેલી છે જ્યાં સંક્રમણનો ભય સૌથી વધુ હોય છે. ઉપરાંત એમના ખાણીપીણીના ઉપક્રમો પણ પૂરતી તંદુરસ્તી આપનારા હોતા નથી.

વળી જ્યારે ખ્યાલ આવે કે કોરોનાની લપેટમાં તેઓ આવ્યા છે ત્યારે તબીબી સારવાર માટે પણ તેઓ પાસે નાણાં હોતા નથી. ગમેતેમ વ્યવસ્થા કરીને અને અન્ય અશ્વેતોની સહાનુભૂતિથી જ્યારે કેસ હોસ્પિટલ પહોંચે ત્યારે એટલું મોડું થયું હોય છે કે ડૉક્ટરે ડેથ સર્ટિફિકેટ જ આપવાનું રહે છે.

જો બાઈડનના રાજમાં આજે પણ એ જ દશા છે. દુનિયાભરમાં ન્યાય અને સમાનતાના વાર્તાકાર તરીકે વિખ્યાત અમેરિકાએ આ અશ્વેતોને નિરંતર અન્યાય અને અસમાનતા જ આપ્યા છે જેના પરિણામો હવે સપાટી પર આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અશ્વેતોના આંદોલનોમાં પોતાની ચૂંટણીનો વિજય જોતા હતા. તેમના સલાહકારો પણ એમ માનતા હતા કે દેશની બાર ટકા અશ્વેત આબાદીમાં અપ્રિય થવાથી તેઓ બાકીની શ્વેત આબાદીમાં મહાનાયક બની જશે. પરંતુ ખરેખર એવું થયું નહિ. દુઃખી અશ્વેતોનો પક્ષ લઈને ટ્રમ્પને વખોડનારા શ્વેત સંગઠનો અને સમુદાયો સરેઆમ અશ્વેતોને ન્યાય માટે સરકાર સામે લડવા લાગ્યા. કોરોનાને કારણે વેરવિખેર થઈ ગયેલા અમેરિકી મહાનગરો ને એના કેટલાક ઉપનગરો સંચારબંધીના સન્નાટામાં ઘેરાઈ ગયા હતા ત્યારે આંદોલનકારીઓ પર

પોલીસ બુલડોઝરની જેમ પોતાના વાહનો ચલાવીને એમને ઉછાળતી હતી.

દેખાવકારોનો મૃત્યુઆંક અમેરિકાએ છુપાવ્યો હતો પણ એ નાનોસૂનો નથી. આટલા ભીષણ સંજોગો વચ્ચે પણ અશ્વેતોને આશ્વાસન આપવાનો એક ઉચ્ચાર પણ ટ્રમ્પની વાણીમાંથી સરી ન પડે એની એના સલાહકારોએ સાવધાની રાખી હતી અને આ આંદોલને ટ્રમ્પની રાજકીય અવસાન નોંધ તૈયાર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો એટલે કે ટ્રમ્પની રાજકીય કારકિર્દીની કબર પર છેલ્લો ખીલો માર્યો. છેલ્લા બે ત્રણ દિવસથી અમેરિકામાં જ્યોર્જ ફ્લોયડના પોસ્ટરો સાથે શાન્ત રેલીઓ નીકળે છે. ડેન્માર્ક, ગ્રીનલેન્ડ, સ્પેન એમ અન્ય કેટલાક દેશોમાં પણ અશ્વેતોએ મૌનરેલીઓ રાજમાર્ગ પરથી પસાર કરી છે. ન્યૂયોર્ક અને લોસ-એન્જલસમાં રાત્રે મીણબત્તીના સરઘસ પણ નીકળ્યા છે. અમેરિકામાં પણ આવી રેલીઓમાં માનવતાવાદી ગોરા નાગરિકો પણ જોડાયેલા જોવા મળ્યા છે.

જ્યોર્જ ફ્લોયડની ઘટનાને આજે એક વરસ વીતી ગયું. અમેરિકાની પોલીસના વર્તનમાં હજુ કોઈ ફેરફાર નથી. ફ્લોયડની જગ્યાએ જો કોઇ ગોરો નાગરિક હોત તો એનું ગળું પોલીસ આ રીતે દાબી દેત ? અશ્વેતોના સંગઠનોની રજૂઆત એ જ છે કે તેઓને જોઈને પોલીસ અપરાધી જ માની લે છે. ઉપરાંત ટ્રાફિક સંબંધિત સામાન્ય અપરાધોમાં ગોરાઓને પહેલા તો આક્રમક રીતે મારવામાં આવે છે અને પછી દંડ ફટકારવામાં આવે છે. જ્યારે કે ગોરાઓએ માત્ર દંડ ભરવાનો રહે છે.

અમેરિકામાં આવા નાના-નાના અનેક ભેદભાવ રાખવામાં આવે છે. કોઈ સુપર માર્કેટમાં કોઇ અશ્વેત નાગરિક શોપિંગ કરવા જાય ત્યારે એના માલિક કે મેનેજર એમ જ માને છે કે આ આગંતુક ચોર છે. આ મેન્ટાલિટીને કારણે શ્વેત-શ્યામ રંગભેદને હવા મળે છે ને વારંવાર ભડકો થાય છે.



*સો વર્ષ અગાઉ ઈસ ૧૯૨૧માં અમેરિકાના ઓક્લાહોમા રાજ્યના તુલ્સા શહેરમાં આચરાયેલા વંશીય રમખાણોમાં મે ૩૧ અને જુન ૦૧ના ત્રણસોથી વધુ અશ્વેતોને મોતને ઘાટ ઉતારાયા, અને શહેરના અશ્વેતોના શ્રીમંત ગણાતા ગ્રીનવુડ વિસ્તારના ૩૫ બ્લોક્સને સળગવી દેવાયા. આ હત્યાકાંડમાં શહેરના શ્વેત શાસકોએ રમખાણકારોને શસ્ત્રો પૂરાં પાડ્યાં હતાં, વિમાન મારફતે પણ હુમલા કરાવ્યા હતા.*

# દેશના બંધારણે આપેલી પ્રાઈવસી જળવાવી જ જોઈએ.

નરેન્દ્ર મોદી સરકારે બનાવેલા ડિજિટલ કન્ટેન્ટ પર નિયંત્રણ માટેના નવા નિયમોના કારણે ભારતમાં ટ્વિટર, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ સહિતનાં સોશિયલ મીડિયાએ ઉચાળા ભરવા પડશે કે શું તેની ચર્ચા વચ્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ દિલ્હી હાઈ કોર્ટમાં પહોંચ્યું છે. વોટ્સએપનો દાવો છે કે, ભારતના ડિજિટલ કન્ટેન્ટ પર નિયંત્રણ માટેના નવા નિયમો પૈકી એક નિયમના કારણે ભારતના બંધારણમાં અપાયેલી પ્રાઈવસી એટલે કે અંગત જીવનમાં ગુપ્તતાના અધિકારોનો ભંગ થશે. આ નિયમ હેઠળ સત્તાવાળા માગે ત્યારે સોશિયલ મીડિયા કંપનીએ ફર્સ્ટ ઓરિજિનેટર ઓફ ઈન્ફર્મેશન' એટલે કે માહિતીના મૂળ સ્રોતની વિગતો આપવી પડશે.વોટ્સએપનો દાવો છે કે, સરકાર માગે છે એ રીતે ફર્સ્ટ ઓરિજિનેટર ઓફ ઈન્ફર્મેશન'ની વિગતો આપવા જતાં મેસેજ મોકલનાર અને જેને મેસેજ મળ્યો છે એ બંનેના 'એન્ક્રીપ્શન'ને તોડવું પડે ને તેના કારણે પ્રાઈવસીનો ભંગ થશે. 'એન્ક્રીપ્શન' ટૅક્નિકલ શબ્દ છે ને તેનો સીધો આપણી ભાષામાં અનુવાદ શક્ય નથી. સરળ ભાષામાં 'એન્ક્રીપ્શન' એટલે ગુપ્ત કોડ. સોશિયલ મીડિયા કંપનીઓ પોતાના યુઝર્સની તમામ વિગતોને ગુપ્ત રાખવા માટે 'એન્ક્રીપ્ટ' કરતા હોય છે કે જેથી કોઈ તેમના સર્વરમાં ઘૂસે તો પણ આ વિગતો ના મળે.

કંપની પાસે 'એન્ક્રીપ્શન'ને કન્વર્ટ કરવા માટેનું સોફ્ટવેર હોય તેથી તેને જોઈએ ત્યારે એ વિગતો તરત મળી જાય પણ બીજું કોઈ એ વિગતો ના મેળવી શકે. આ કારણે યુઝરની ગુપ્તતા જળવાય ને બીજુ કોઈ તેની વિગતો ના મેળવી શકે. વોટ્સએપની માગણી છે કે, હાઈ કોર્ટ જાહેર કરે કે 'ફર્સ્ટ ઓરિજિનેટર ઓફ ઈન્ફર્મેશન' આપવાનું ફરમાન ભારતના બંધારણમાં અપાયેલા પ્રાઈવસી એટલે કે અંગત જીવનમાં ગુપ્તતાના અધિકારોનો ભંગ કરે છે તેથી તેનો અમલ ના કરાય. ટૂંકમાં વોટ્સએપ ઈચ્છે છે કે, સત્તાવાળા કોઈ પણ મેસેજ વિશે ફર્સ્ટ ઓરિજિનેટર ઓફ ઈન્ફર્મેશન' માગી ના શકે એવું થવું જોઈએ ને નવા નિયમોમાં આ નિયમનું પડીકું થવું જોઈએ. સુપ્રીમ કોર્ટે ૨૦૧૭માં પુટ્ટાસ્વામીના કેસમાં એક ચુકાદો આપેલો. આ ચુકાદા પ્રમાણે સત્તાવાળા સોશિયલ મીડિયા પાસે કોઈ પણ વ્યક્તિની અંગત વિગતો માગે એ બંધારણે આપેલા પ્રાઈવસીના કાયદાનો ભંગ કહેવાય. વોટ્સએપે આ ચુકાદાને આધાર બનાવીને સરકારના 'ફર્સ્ટ ઓરિજિનેટર ઓફ ઈન્ફર્મેશન' નિયમ સામે બાંયો ચડાવી છે.

કૉંગ્રેસે નરેન્દ્ર મોદીની ઈમેજ બગાડવા માટે બનાવેલી કહેવાતી 'ટૂલકિટ'ના મામલે નરેન્દ્ર મોદી સરકાર અને સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર સામસામે આવી ગયાં છે. ટ્વિટરે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડા, પ્રવક્તા સંબિત પાત્રા ને બીજા ઘણા નેતાઓએ આ મામલે કરેલી ટ્વિટને 'મેનિપ્યુલટેડ' ગણાવી તેના કારણે મોદી સરકાર ને ટ્વિટર વચ્ચે પટ્ટાબાજી ચાલી રહી છે. મોદી સરકારે ટ્વિટરને ચમકારો બતાવવા તેની ઑફિસ પર સર્ચ કરાવી છે. આ પટ્ટાબાજી વચ્ચે કેન્દ્ર સરકારે જાહેર કરેલા ડિજિટલ કન્ટેન્ટ પર નિયંત્રણ માટેના નવા નિયમોના મુદ્દે પણ ધમાધમી છે.

મોદી સરકારે ૨૫ ફેબ્રુઆરીએ ડિજિટલ કન્ટેન્ટ પર નિયંત્રણ માટેના નવા નિયમો જાહેર કરીને તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મને ત્રણ મહિનામાં આ નિયમો પાળવા માટેની બધી તૈયારીઓ કરી લેવા ફરમાન કરેલું મંગળવારે આ ત્રણ મહિનાની મુદત પૂરી થઈ ગઈ. ફેસબુકને બાદ કરતાં કોઈ મોટા સોશિયલ મીડિયાએ આ નિયમો પાળવા મામલે હજુ સળવળાટ બતાવ્યો નથી. બધાં પ્લેટફોર્મ આઘાંપાછાં થયાં કરે છે ને બહાના બતાવ્યા કરે છે. તેના કારણે હવે મોદી સરકાર શું કરશે તેના પર સૌની નજર છે. ટ્વિટર સહિતનાં પ્લેટફોર્મ

તોતિંગ છે ને તેમને નાથવા માટે મોટી તાકાત જોઈએ. મોદી સરકાર એ દમ બતાવી શકે છે કે નહીં તેની ચોવટ વચ્ચે વોટ્સએપે પ્રાઈવસીનો મુદ્દો ઉઠાવતાં સોશિયલ મીડિયા વર્સીસ મોદી સરકારના જંગમાં નવો ટ્વિસ્ટ આવી ગયો છે.

દિલ્હી હાઈ કોર્ટ શું ચુકાદો આપશે તે ખબર નથી પણ સૈદ્ધાંતિક રીતે અને કાનૂની રીતે વોટ્સએપની વાતમાં દમ છે. પહેલાં કાનૂની મુદ્દાની વાત કરી લઈએ. સુપ્રીમ કોર્ટે પુટ્ટાસ્વામી કેસમાં આપેલા ચુકાદામાં કહેલું કે, કાનૂની, જરૂરિયાત અને પ્રમાણ એ ત્રણ માપદંડની વિરુદ્ધ હોય એ સિવાયના કિસ્સામાં સોશિયલ મીડિયા પર યુઝરની પ્રાઈવસી જળવાવી જોઈએ ને સરકાર તેની વિગતો ના માગી શકે. વોટ્સએપની દલીલ છે કે, માહિતીના મૂળ સ્રોતની વિગતો માગવી આ ત્રણેય સિદ્ધાંતોની વિરુદ્ધ છે તેથી સરકાર વિગતો ના માગી શકે.

કાનૂની રીતે કોઈ પણ કૃત્ય ગેરકાનૂની છે એ નક્કી કઈ રીતે થાય એ માટેના નિયમો હોય છે, વ્યાખ્યાઓ હોય છે. મોદી સરકારે જે નવા નિયમો બનાવ્યા તેને દેશના કાયદાનું પીઠબળ જ નથી કેમ કે મોદી સરકારે સંસદમાં કાયદો પસાર કરીને આ નિયમો નથી બનાવ્યા. દેશના નાગરિકોને પ્રાઈવસીના અધિકાર બંધારણે આપ્યા છે ને આ સર્વોપરિ છે એ જોતાં સરકાર દ્વારા જાહેર કરાયેલા નિયમો બંધારણીય જોગવાઈ સામે ટકી ના શકે.

મોદી સરકારે કોઈ પણ પોસ્ટ કે ક્ધટેન્ટ બદનક્ષીકારક, અશ્લીલ, બદનામી કરે એવું, ભેદભાવને પ્રોત્સાહન આપે એવું, સગીરો માટે નુકસાનકારક, દેશની એકતા, અખંડિતતા, સંરક્ષણ, સલામતી કે સાર્વ ભૌમત્વ માટે ખતરારૂપ હશે તો નહીં મૂકી શકાય એવું ફરમાન કર્યું છે. કોઈ પણ ક્ધટેન્ટ આ કેટેગરીમાં આવે છે એવું નક્કી કોણ કરશે? સરકારે બનાવેલી 'સુઓ મોટો કમિટી' અને 'ઓથોરાઈઝ્ડ ઑફિસર' નક્કી કરશે. સુઓ મોટો કમિટી'માં સંરક્ષણ, વિદેશ, ગૃહ, માહિતી અને પ્રસારણ. ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને બાળ વિકાસ મંત્રાલયોના પ્રતિનિધિ હશે. આ કમિટી પાસે અમર્યાદિત સત્તાઓ છે ને કમિટીને લાગે કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર કશુંક વાંધાનજનક મુકાયું છે તો તે કંપનીના અધિકારીને બોલાવીને સુનાવણી કરી શકશે. આરોપો સાચા ઠરે તો તેને સજા કરવાની સત્તા પણ આ કમિટી પાસે છે. આ કંપની સુઓ મોટો એટલે કે પોતાની મરજીથી નિર્ણય લેવા સ્વતંત્ર છે બહારથી કોઈ પણ ક્ધટેન્ટ સામે ફરિયાદ થાય ને ફરિયાદમાં દમ છે એવું આ કમિટીને લાગે તો પણ આ ક્ધટેન્ટ ૩૬ કલાકમાં દૂર કરવું પડશે. આ ઉપરાંત સરકાર જોઈન્ટ સેક્રેટરી કે તેનાથી ઉપરના લેવલના અધિકારીને ઑથોરાઈઝ્ડ ઑફિસર' નિમશે. આ 'ઑથોરાઈઝ્ડ ઑફિસર' પાસે કોઈ પણ ક્ધટેન્ટને બ્લોક કરવાનો આદેશ આપવાની સત્તા હશે. આ 'ઑથોરાઈઝ્ડ ઑફિસર' પણ કોઈ પણ પ્રકારની વ્યાખ્યા વિના જ તેને ઠીક લાગે તે ક્ધટેન્ટને બ્લોક કરી શકશે. દેશના બંધારણ કે કાયદામાં વ્યાખ્યા હોવી જોઈએ તેના બદલે સરકારે નિમેલા લોકો વ્યાખ્યા કરે કેટલું યોગ્ય કહેવાય ને કેટલું વિશ્ર્વસનિય કહેવાય? સૈધ્ધાંતિક રીતે તો લોકશાહીમાં દેશનાં હિતોને જોખમ પહોંચાડે તે સિવાયના કોઈ પણ પ્રકારના ક્ધટેન્ટને પ્રતિબંધિત કરવું જ અયોગ્ય છે. દેશની સુરક્ષા, સાર્વભૌમત્વ, સલામતી, સામાજિક માળખાને નુકસાન કરે એવું ક્ધટેન્ટ મુકાય તો તેની સામે પગલાં લેવાવાં જ જોઈએ. એ માટેના કાયદા અત્યારે છે જ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ એ કાયદાને માન ના આપે તો સરકાર તેમની સામે ગમે તે પગલાં લે. પણ મુઠ્ઠીભર લોકો કોઈ પણ ક્ધટેન્ટ પર લેબલ્સ લગાડીને તેને પ્રતિબંધિત કરે એ ના ચાલે.આ દેશ પાસે બીજું કશું ગર્વ લેવા જેવું હોય કે ના હોય, લોકશાહી તો છે જ. આ લોકશાહીનું જતન થવું જ જોઈએ. વોટ્સએપ સહિતની કંપનીઓનાં પોતાનાં હિતો જોખમાય છે તેથી તેમને દેશનું બંધારણ યાદ આવ્યું એ સાચું પણ આપણી તો બંધારણના જતનની ફરજ છે જ.-રાજીવ પંડિત.

# ઉજ્જડ ધરતીને પલ્લવિત કરનાર દીર્ઘદ્રષ્ટા કર્મયોગી

# કાંતિસેન શ્રોફ



પાંચ દાયકાથી કચ્છ અને કાકા જાણે પર્યાય બની રહ્યાં !

- તુમ ઉસે આદમી કહતે હો,
જો આદમી કો મારના જાનતા હૈ
તુમ ઉસે ઇન્સાન કહતે હો,
જો શેતાન કો દાવત ખિલાતા હૈ.

"કચ્છની ધરતી પર ક્રાંતિને જન્મ લેવાનું મન થયું અને પંડિત શ્યામજી કૃષ્ણવર્મા મળ્યા.

કચ્છની ધરતી પર વનસ્પતિશાસ્ત્રીને જન્મ લેવાનું મન થયું અને જયકૃષ્ણ ઇન્દ્રજી મળ્યા.

કચ્છની ધરતી પર કલાને જન્મ લેવાનું મન થયું અને રામસિંહજી રાઠોડ મળ્યા.

આ ધરતી પર અર્થશાસ્ત્રીની પ્રતિભાને પ્રગટવાનું મન થયું અને કે.ટી. શાહ જેવા વિદ્વાન મળ્યા.

આ ધરતી પર મેઘાણીને ફરી પ્રગટવાનું મન થયું અને દુલેરાય કારાણી મળ્યા.

આ ધરતી પર સૂતેલા જનોને સાદ પાડનારા સંતને અવતરવાનું મન થયું અને સંત મેકરણ મળ્યા.

આ ધરતી પર વીસમી સદીના કૃષિ ઋષિને અવતરવાનું મન થયું અને કાંતિસેન શ્રોફ 'કાકા' મળ્યા.

વિવેકગ્રામ દ્વારા પ્રકાશિત પુસ્તકના લોકાર્પણ સમયે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે આપેલા ઉદ્બોધનનાં આ વાક્યોનું કાંતિસેન શ્રોફ 'કાકા'ની સમાધિમરણ સમી વિદાય વેળાએ વિશેષ સ્મરણ થયું. એક સમયે રાવ લખપતજી દ્વારા કચ્છના સર્વાંગી વિકાસનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. કદાચ એ પછી કચ્છની ધરતી પર રહીને પોતાના આગવા વિઝન સાથે અનેક વિકાસ કાર્યો કરનાર કોઈ હોય તો તે 'કાકા' તરીકે જાણીતા કાંતિસેન શ્રોફ છે.

૧૯૫૫ના ડિસેમ્બરમાં અંગ્રેજી સાપ્તાહિક 'વિક'ના મુખપૃષ્ઠ પર શ્રી કાંતિસેન શ્રોફની તસવીર પ્રગટ કરવામાં આવી અને એમને 'મેન ઑફ ધ ઈયર' એવોર્ડ જાહેર કરવામાં આવ્યો અને એ સાપ્તાહિકે નોંધ્યું કે,

'પોતાનો સ્નેહ અને જ્ઞાન વહેંચતા આ સ્વપ્નદ્રષ્ટાએ કચ્છના સૂકા વિસ્તારમાં જીવનને પુષ્પિત કર્યું છે.' સ્વપ્નદ્રષ્ટાની કદાચ સઘળી વાતો સમાજ સમજી કે સ્વીકારી શકે નહીં અને તેથી કાકાના કેટલાંક સ્વપ્નો એ સહકાર્યકરોને સમજવા અઘરા લાગતા, પરંતુ એમની પાસે આદર્શ અને ટકાઉ સમાજ વ્યવસ્થાનું એક વિશિષ્ટ દર્શન હતું અને એ દર્શનની સાથોસાથ એને સિદ્ધ કરવા માટે પ્રયોગો કરવાનું અને સાહસ, ધૈર્ય અને શ્રદ્ધા હતા. આથી એમનાં પ્રયોગો, કાર્યો, વિચારો એ બધાના કેન્દ્રમાં

'માણસ' રહેલો હોવાથી એમણે માનવીમાં કર્મયોગ અને માંગલ્યદ્રષ્ટિનું સાયુજ્ય સાધવા પ્રયત્ન કર્યો.

એમનું પહેલું કામ તો વૈશ્વિક જ્ઞાન મેળવીને કર્મશીલ વ્યક્તિ જાતઘડતર કરે. એના આ જ્ઞાનમાં કોઈ એકાંગીતા નહીં, પણ તે સર્વવ્યાપી જ્ઞાન હોવું જોઈએ. અર્થાત્ એમાં આસપાસના વિસ્તારના સામાન્ય માનવીની કોઠાસૂઝ અને સ્થાનિક સ્રોતમાંથી મળતા પરંપરાગત જ્ઞાનના ઉપયોગની સાથોસાથ ટૅકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને કાર્યસિદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

અતિ મુશ્કેલ લાગે તેવાં અનેક કાર્યો એમણે આસાનીથી પાર પાડયાં. આનું કારણ આ દીર્ઘદ્રષ્ટા પુરુષનું ચિત્ત કચ્છના ગરીબમાં ગરીબ માનવીથી માંડીને સહુ કોઈને માટે પાકી શ્રદ્ધા અને અગાધ સ્નેહ ધરાવતું હતું. તેઓ કહેતા કે મારે માટે કાર્ય એ કશુંક નવું કરવાનો પડકાર નથી, પરંતુ સહુની સાથે મળીને સહુમાં રહેલા સર્જનનું સામર્થ્ય જગાડવાનું છે.

તમે કલ્પના કરો કે કચ્છની ધરતીને કોઈ યાદ કરે તો એને ભૂખી-સૂકી ધરતી અને અફાટ રણ યાદ આવે છે. આવા કચ્છમાં બેસીને કાકાએ નવો સાદ પાડયો 'નદીઓ તરફ પાછા વળો.' જળ વિના કચ્છનો વિકાસ જ રોકાયો નહોતો, પરંતુ પાણીની પારાવાર મુશ્કેલીને કારણે ક્યાંક ગરીબી હતી, તો ક્યાંક સ્થાનાંતર થતું હતું. આવે સમયે કાંતિસેન શ્રોફ 'કાકા'એ કચ્છની સૌથી મોટી નદી રુકમાવતીના ઉદ્ભવસ્થાનેથી દરિયા સુધીના માત્ર ૫૦ કિમી. સુધીના ૪૫ ગામોને ૫૧ ચેક ડેમ બનાવીને એ ગામોને સ્વ-નિર્ભર બનાવ્યાં.

કૃષિ સંશોધન અને પાક આયોજનની પ્રવૃત્તિઓ શરૂ કરી. કચ્છમાં ખેતી અને પશુપાલનના ઉદ્યોગની સાથોસાથ એ તળભૂમિની હુન્નરકળા અને હસ્તકલાના ઉપયોગનો પ્રયાસ કર્યો. એમને મન ઉદ્યોગો એટલે વિશાળ જમીન પર યંત્રોથી ધમધમતા કારખાનાંઓ નહીં, બલ્કે ખેતી અને પશુપાલન પણ એક ઉદ્યોગ હતા. જેમાં માણસનો ઉદ્યમ અને ઉત્સાહ જોડાયેલો હોય તે ઉદ્યોગ. એ પછી કોઈ પણ પ્રકારનું કાર્ય હોય, પરંતુ તેને સમાજ સામે મૂકીને એમણે સ્વ-નિર્ભરતાની વાત કરી.

આ દ્રષ્ટાની દ્રષ્ટિના સીમાડા માત્ર ઉદ્યોગો સુધી સીમિત નહોતા. પર્યાવરણ અને આખીય માનવજાતને આવરી લેનારા હતા. કાકાના મનમાં કોઈ પણ નવો વિચાર શરૂ થાય, ત્યારે એ વિચારની કેન્દ્રમાં 'માણસ' હોય, નફો નહીં અને એથી જ તેઓ કહેતાં કે આ દુનિયામાં ઉદ્યોગોને નફાલક્ષી બનાવવા એ વિચાર જ મૂળભૂત રીતે ખોટો છે. એમની કંપની 'સેલરીચ'નું ઉત્પાદન હોય કે પછી કોઇપણ કાર્ય હોય, પણ તેઓ હંમેશા કહેતાં કે એક્સેલ નાણાંકીય નફાને જોતું નથી, બલ્કે એક્સેલના કામથી જે પ્રભાવ પડે છે, તે પણ એના નફાનો જ એક ભાગ છે અને તે નાણાંકીય નફાથી ઘણો વિશેષ છે.

એમને બાળપણથી જ સ્વાવલંબનના પાઠ શીખવા મળ્યા. ઘરમાં પતંગ જાતે બનાવવો પડતો. ફોટોગ્રાફી કરે, ત્યારે બાથરૂમને ડાર્કરૂમમાં ફેરવી નાખે. સાબુ હોય કે અત્તર, પાવડર હોય કે તેલ - એ બધું જ ઘરમાં બનાવવામાં આવતું. આમ ઘરનાં કામો જાતે જ કરવાનાં. તેઓ ચાર વર્ષના હતા, ત્યારે માતાને કામનો બોજો વધે નહીં, તે માટે જાતે જમવાનું ટેબલ ગોઠવતા હતા અને એવો એકેય દિવસ આવ્યો નહોતો કે જ્યારે ટેબલ ગોઠવવાના સમયે તેઓ ગેરહાજર હોય.

આમ કોઈપણ મુશ્કેલી આવે, તો તેનો સ્વીકાર કરવાને બદલે તેમાંથી બહાર નીકળવાનો ઉપાય અને ઉકેલ શોધી કાઢતા. આરંભમાં ચિત્રકળામાં રસ ધરાવતા કાંતિસેન શ્રોફ 'કાકા'ની કલાગુરુ રવિશંકર રાવળ સાથે મુલાકાત થઈ હતી અને એમણે કહ્યું હતું કે 'જો તારે ઉદ્યોગમાં કામ કરવું હોય તો પચાસ વર્ષ સ્થિર બેસવું પડશે તો જ તને સફળતા મળશે.' કાકાએ એમની વાત સ્વીકારી અને પછી તો હસતાં હસતાં કહેતા કે 'કલાગુરુ રવિશંકર રાવળે મને પચાસ વર્ષ સ્થિર રહેવા કહ્યું હતું, પણ આજે તો સિત્તેરથી ય વધુ વર્ષ થઈ ગયાં.'

એ ચિત્રકલાના પ્રેમમાંથી મળેલી કલાદ્રષ્ટિ અને નવસર્જનની સૂઝ કાકાએ એમનાં કાર્યોમાં ઉતારી. એક્સેલ કંપનીની સફળતા એ તો એક જુદો જ ઇતિહાસ છે અને એ કંપનીમાં એમણે યાંત્રિક અને આર્થિક વિકાસ સાધવાની સાથોસાથ વિશેષ તો વ્યાપક વિષયોની સમજ ધરાવતો કર્મચારી સમૂહ ઊભો કર્યો. એમના માતા-પિતાએ એમને ગળથૂથીમાં એક શબ્દ આપ્યો હતો અને તે શબ્દ હતો 'આપણે'. માત્ર પોતાનો, પરિવારનો કે અંગત સફળતાનો વિચાર કરવાને બદલે એમણે આપણે સહુ સાથે મળીને કામ કરીએ અને સુખી થઈએ એવો 'સહ વિર્યમ્ કરવાવહૈ'નો સિદ્ધાંત અપનાવ્યો.

લોકનાયક જયપ્રકાશ પાસેથી મળેલી એ ભાવના કે આપણા દેશના કેન્દ્રસ્થાનમાં માનવ હોવો જોઈએ અને ગાંધીજીએ આપેલી ટ્રસ્ટીશીપની ભાવનાનું જીવંત ઉદાહરણ કાકા બની ગયા.

૧૯૭૩ના ડિસેમ્બરમાં મુંબઈમાં સંત વિનોબાજીનું મળવાનું થયું અને ત્યારે વિનોબાજીએ મુંબઈના ઉદ્યોગપતિઓ માટે બે દિવસ ફાળવ્યા હતા. એ સમયે એમણે કહ્યું, 'આપણી સંસ્કૃતિ આટલા બધાં વિદેશી આક્રમણો અને આટલી બધી લાંબી ગુલામી વચ્ચે ટકી શકી છે, તેનું કારણ શું ? ત્યારે એમણે જ ઉત્તર આપતાં કહ્યું કે, ''આપણા સમાજમાં મહાજન પરંપરા હતી અને હવે વર્તમાન સમયમાં ઉદ્યોગગૃહોએ આ મહાજન પદ શોભાવવું પડશે' અને સંત વિનોબાજીની એ શીખ કાંતિસેનભાઈને સ્પર્શી ગઈ અને બાવન વર્ષે ઉદ્યોગની સઘળી જવાબદારીમાંથી મુક્ત થઈને કચ્છના ઉત્કર્ષ માટે જીવન સમર્પણ કર્યું.

સંત વિનોબાના બે શબ્દો કાકાને માટે સદાય પ્રેરણારૂપ બની રહ્યા અને એ શબ્દો હતા, 'ચોંટી રહેજે'. પોતાના કાર્યમાં અનેકવાર નિષ્ફળતા મળી, પરંતુ તેમ છતાં એમાં સતત પ્રયાસ કરતા રહ્યા અને અંતે સફળતાને પામ્યા. જેમકે એમણે વિચાર્યું કે તાજા સારા છાણમાં સોળ પ્રકારના અત્યંત ઉપયોગી સૂક્ષ્મજીવો હોય છે. મેળવણ નાખવાથી દૂધનું દહીં થાય, તો પછી આ તાજા સારા છાણનું મેળવણ નાખીને કચ્છની આ ઉજ્જડ ધરતીને ઉત્પાદક કેમ બનાવી ન શકાય ? અને પછી તો છાણ વિશે શોધ-સંશોધન ચાલ્યા. ભૂમિ અને પ્રકૃતિ જે આપે, તેમાંથી એમને નવર્સજન સાધવું હતું.

સરકારના ખેતીવાડી ખાતાઓએ તો આ ઉજ્જડ જમીનનો કોઈ અભ્યાસ કર્યો નહોતો. વળી હરિયાળી ક્રાંતિને કારણે કેમિકલ ખાતર અને પેસ્ટીસાઈડની બોલબાલા હતી, ત્યારે કાકાએ આ વાસ્તવિક પ્રયોગ બતાવ્યો અને એમણે કચ્છના ઢોરો પણ ન ખાતા હોય તેવી વનસ્પતિઓ, કચરો અને છાણ નાખી જમીનની ઉત્પાદકતા વધારી દીધી.

સ્વામી વિવેકાનંદનું એ વાક્ય એમના મનમાં સતત ઘૂમતું હતું. 'માનવી દિવ્યાત્મા છે'. અને માનવ સ્વભાવની એવી દિવ્યતા કાકાના અંગત પ્રસંગોમાં પણ જોવા મળે છે. એમના પાત્રો, એમના વિચારો અને એમના કાર્યોમાં પણ આદર્શ ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત જોવા મળે છે. સંસ્થાના વડાએ પિતાની માફક કામ કરવું અને સમય જતાં વાનપ્રસ્થ લઈને જુનિયરોને વારસો આપવો અને એમને સત્તા સોંપવી. તો વળી કહેતાં કે સરકાર, સમાજ, ધનવાન, ઉત્પાદક અને ગ્રાહક - આ બધાંએ ઉત્પાદનમાંથી મળતો લાભ સમાન રીતે વહેંચી લેવો જોઈએ.

ચિત્તમાં કાકાના સ્વજનો અને કર્મચારીઓ સાથેના માનવતાવાદી પ્રસંગોનું સ્મરણ થાય છે. ઉદ્યોગના ક્ષેત્રે એમણે મેળવેલી કાર્યદક્ષતા યાદ આવે છે અને સૌથી વિશેષ તો **પોતાની દીર્ઘદ્રષ્ટિથી પ્રદેશના માનવીને હૈયે ચાંપીને સ્વ-નિર્ભર બનાવવો અને એ ઉખર ભૂમિને નવપલ્લવિત કરવી, એમના કેટલાય સ્મરણો મારી નાનકડી અંજલિના ખોબામાં ક્યાંથી ભરી શકું ?**

**(સૌજન્ય: ગુજરાત સમાચાર)**

# *ચાલો સ્મૃતિ વાવીએ: લોકભારતી ભૂતપૂર્વ વિદ્યાર્થી હરિત-સ્મૃતિ યોજના*



વાવાઝોડાએ તેજ ઝપટમાં આવેલા વિસ્તારોમાં વૃક્ષોનો સોથ બોલાવી દીધો છે. વર્ષોની મહેનતથી તૈયાર કરેલ ફળાઉ ઝાડવાં સહિતનાં અનેક વૃક્ષોને મૂળસોતાં ઉખાડીને ફગાવી દીધાં. ખેડૂતોને 'કમાઉ દીકરા' ગુમાવ્યા જેટલો આઘાત લાગ્યો છે. કુદરતની આ કઠોર લીલાએ ભલભલાને ધ્રુજાવી દીધા છે. માલ-મિલકતની નુકસાની રીપેર કરીને કે નવી સાધન-સામગ્રી ખરીદીને તરત ભરપાઈ કરી શકાશે, પણ આ લાગણીથી ઉછરેલાં વ્હાલસોયાં વૃક્ષોની ભરપાઈ કરતાં વર્ષો લાગશે!

લોકભારતીમાં ભણતા વિદ્યાર્થીઓને તેમની કેળવણીના ભાગરૂપે પ્રથમ વર્ષમાં જ એકએક છોડ વાવવા-ઉછેરવાનું સોંપાય છે. ત્રણ વર્ષે એ સ્નાતક થઈને વિદાય લે ત્યારે તેની જીવંત-હરિત સ્મૃતિ એ વૃક્ષરૂપે છોડતાં જાય છે. વર્ષો પછી તેના પરિવાર સાથે લોકભારતી આવવાનું બને છે, ત્યારે પોતે વાવેલાં-ઉછેરેલાં એ વૃક્ષને પરિવારને ગૌરવભેર બતાવીને અંદરથી ઝૂમી ઊઠે છે. એ વૃક્ષ સાથે ફોટા પડાવતી વખતે નઈ-તાલીમની કેળવણી પામ્યાની ધન્યતા અનુભવતા સેંકડો વિદ્યાર્થીઓને અમે જોયા છે.

તાજેતરમાં વાવાઝોડાએ અન્યત્ર બન્યું છે તેમ લોકભારતીના પરિસરમાં બાગાયતી અને સંસ્થાના સૌન્દર્યને દીપાવતાં સેંકડો વૃક્ષોને જમીનદોસ્ત કર્યાં છે. આ વૃક્ષોના પાલક-વિદ્યાર્થીઓના સંદેશાઓ આવવા લાગ્યા. જન્મથી લોકભારતીવાસી અને છેલ્લાં પચાસ વર્ષથી સક્રિય રીતે લોકભારતીને જેણે આત્મસાત કરીને તેના ખરા અર્થમાં પર્યાય બન્યા છે એવા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યા! પણ કુદરતના રૌદ્રરૂપસમા વાવાઝોડાએ જેવી વિદાય લીધી કે એ જ કુદરતના સર્જનરૂપ સ્વરૂપ પાસેથી પ્રેરણા લઈને એ નવીનવી યોજનાઓ ઘડવા લાગ્યા. પૂ. મોરારિબાપુ સહિતના વડીલ શુભેચ્છકો અને બે-ત્રણ અન્ય મિત્રોએ સંસ્થાને ધરપત આપી છે કે લોકભારતીમાં જે નુકસાન થયું છે તેના રીપેર કામ માટે આર્થિક મદદ કરીશું.

પણ જે પોતે નઈ તાલીમના વિદ્યાર્થી રહ્યા છે અને જેણે આજીવન નઈ તાલીમનના પ્રાણસમી જીવાતા જીવન સાથેના 'અનુબંધ'ની વાત વિદ્યાર્થીઓને સમજાવી હોય એવા અરુણભાઈ આ ઘટના સાથે વિદ્યાર્થીઓને ન જોડે તો જ નવાઈ! એમણે વિદ્યાર્થીઓની સંવેદના અને કેળવણીનો વિચાર કરીને *'લોકભારતી ભૂતપૂર્વ વિદ્યાર્થી હરિત સ્મૃતિ યોજના'* નામની એક સુંદર યોજના ઘડી છે. આ યોજના અંતર્ગત એક મોટું વૃક્ષ ખરીદીને તેને ત્રણ વર્ષ સુધી સાચવવાનો ખર્ચ રૂ. ૧૦૦૦/- આંકવામાં આવ્યો છે. આથી, લોકભારતીના

જે ભૂતપૂર્વ વિદ્યાર્થીને સંપૂર્ણ સ્વૈચ્છિક અને રાજીખુશીથી પોતાની માતૃસંસ્થાને પુનઃ લીલીછમ કરવાની લાગણી અને ધગશ હોય એ એક વૃક્ષ માટે રૂ. ૧૦૦૦/- મોકલી શકે છે.

આ યોજના હેઠળ સંસ્થાના વત્સલ વડીલ પૂ. મોરારિબાપુએ ૫૦, શ્રી યોગેશભાઈ ભટ્ટે ૨૧, શ્રી નરેન્દ્રદેવ પાઠક પરિવારે ૫૧ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મનોજભાઈ પરમાર તથા અરવિંદભાઈ જાંબુચાએ તુરંત જ ૧૧-૧૧ વૃક્ષોની જવાબદારી લીધી છે અને એના માટેની રકમ પણ મોકલી આપી છે. વડોદરાથી ઘનશ્યામભાઈ ઝડફિયાએ તો પોતાની ૧૯૮૮ની બેચના વિદ્યાર્થીઓ સાથે સંપર્ક કરીને ૧૦૦ વૃક્ષોની અને મોરબીથી શ્રી જયેશભાઈએ ૧૯૯૪ની બેચ વતી ૮૦ વૃક્ષોની જવાબદારી લીધી છે! તમારી સૌની સામૂહિક લાગણીને ખમ્મા! વળી, આ વિદ્યાર્થીઓએ સૂચવ્યું છે કે 'સદભાવના વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ' આ જવાબદારી લેવા માટે તૈયાર છે અને એ ત્રણ વર્ષ સુધી એ વૃક્ષોને સાચવીને "જુવાન" કરી આપશે. આ યોજનામાં જોડાનાર સૌ વિદ્યાર્થી મિત્રો-શુભેચ્છકોને વૃક્ષો, વૃક્ષારોપણ, વિસ્તાર અને પ્રગતિ અહેવાલ પણ મોકલવામાં આવશે.

અહીંયા સવાલ કેટલાં વૃક્ષો કે કેટલી રકમ આવશે એ નથી, પણ વિદ્યાર્થીઓના સંસ્થા સાથેના ભાવાત્મક જોડાણ, આનંદ અને સંતોષનો છે. કેળવણી-મૂલ્યની ફૂટેલી કૂંપળમાંથી તૈયાર થયેલા આવા સબંધરૂપી વૃક્ષોને કોઈ વાવાઝોડું હલાવી શકતું નથી!

આ છે સાચી કેળવણીનાં સંસ્કારબીજ; વાવેલું ક્યારેય એળે જતું નથી. લોકભારતીની કેળવણીએ 'આંબા' વાવીને શિક્ષણ અને સમાજને કાયમ ધન્ય કર્યા છે. લોકભારતીત્વ, ઘણું જીવો!

***મિત્રો, એક છૂપી લાલચ એવી પણ છે કે આપણી આ યોજનાની સુગંધ એવી રીતે પ્રસરે કે જેથી બીજા વિદ્યાર્થીઓ પણ પોતાની માતૃસંસ્થામાં આવા સ્મૃતિ બીજ વાવતા થાય!***

***જે વિદ્યાર્થીઓ/શુભેચ્છકો આ યોજનામાં જોડવા ઇચ્છતાઓ હોય એમના માટે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની બેંક ડીટેલ્સ નીચે પ્રમાણે છે.***

*બેન્કનું નામ: SBI: State Bank of India*

*બ્રાંચ: SANOSARA, Ta. Sihor, Dist. Bhavnagar*

*ખાતાનું નામ: Lokbharati Gramvidyapith Trust*

*ખાતા નંબર: 56025000075,*

*IFSC CODE: SBIN0060025*

*PAN No: AAATL3497N*

***લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટને મળતું અનુદાન 80G (5) અનુસાર ટેક્સમાંથી બાદ મળવા પાત્ર છે.***

**લિ. *લોકભારતી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ***



# || બિલ અને મેલિન્ડા ગેટ્સના ટ્વીટર તલ્લાક ||

- મૃગેશ વૈષ્ણવ



"સંબંધોને તૂટતા બચાવવા સમુદ્રમંથન કર્યા પછી અમને લાગે છે કે અમારા અલગ અલગ વ્યક્તિત્વના સન્માન માટે અમે છૂટા પડીએ છીએ"

બિ લીયોનેર, સમાજસેવી યુગલ બિલ ગેટ્સ અને મેલિન્ડા ગેટ્સે પોતાનાં સત્યાવીસ વર્ષના લગ્ન વિચ્છેદની જાહેરાત ટ્વીટર દ્વારા તા. ૩જી મે ૨૦૨૧ને મંગળવારના રોજ કરી હતી.

લાંબા સમયથી બિલ અને મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન તરફથી વિશ્વભરમાં ખભે ખભા મિલાવી કામ કરતું આ યુગલ બધાંને મેઈડ ફોર ઈચ અધર લાગતું હતું. તેવામાં એ મેઇડ ફોર ઈચીંગ અધર ક્યારથી થયું. મેરેલીન મોનરોની ફીલ્મ સેવન ઈયર્સ ઈચમાં લગ્નના સાત વર્ષ પછી અન્ય વિજાતીય પાત્ર સાથે ઈલુ-ઈલુ કરવાની ખંજવાળ કેટલાક દંપતીમાં જોવા મળે છે. પરંતુ સત્યાવીસ વરસે આ ઈચીંગ શક્ય કઇ રીતે છે. આ સમજવા માટે આપણે બિલ અને મેલિન્ડાની પ્રેમ કહાની તપાસીએ.

માઇક્રોસોફ્ટ કંપનીના સહસંસ્થાપક બિલની મુલાકાત તેની જ કંપનીમાં પ્રોડક્ટ મેનેજર તરીકે કામ કરતી મેલિન્ડા ફ્રેન્ચ સાથે ૧૯૮૭માં થાય છે. બિલ એ વખતે તેની એક્સ ગર્લફ્રેન્ડ એન-વિન બ્લૈંડ સાથેના બ્રેકઅપ્સથી વ્યથિત હતો. અને એની આંખો કોઇ કાયમી જીવનજીવી શકાય તેવા પાત્રની શોધમાં હતી. બસ ત્યારે જ બિલને મેલિન્ડા મળી હતી અને તેના વ્યક્તિત્વથી બિલ પ્રભાવિત થયો હતો. ૧૯૮૭થી ૧૯૯૪ સુધી બન્નેએ ડેટીંગ કર્યું હતું. અને એકબીજાના તમામ પાસાંને સારી રીતે સમજીને પરસ્પર એડજસ્ટમેન્ટ સાધ્યા પછી બન્નેએ લગ્નનો નિર્ણય લીધો હતો.

આ નિર્ણય પાછળ કેટલીક પારદર્શકતા અને એક છૂપો કોન્ટ્રેક્ટ પણ સામેલ હતો.

હકીકતમાં બિલ અને એન એકબીજાને ખૂબ ચાહતાં હતાં. તેમની કેમેસ્ટ્રી જ નહીં પણ ઈન્ટેલીજન્ટ અને ઈમોશનલ ક્વૉશનમાં પણ જબ્બર મેળ ખાતો હતો. પરંતુ એન વિન બ્લૈંડ બિલથી પાંચ વર્ષ મોટી હતી તેથી તેને લગ્નની ઉતાવળ હતી જ્યારે બિલ લગભગ એક દશકા સુધી માઇક્રોસોફ્ટને પોતાના ૧૦૦% આપી વિશ્વમાં શિખર પર પહોંચવા માંગતો હતો. તેથી લગ્ન માટે તૈયાર ન હતો. પણ બન્ને વચ્ચેની "ડીસટન્ડ મૈત્રી" દિન-પ્રતિદિન વધારે પ્રગાઢ બનતી જતી હતી.

જ્યારે મેલિન્ડાની સાથે બિલ લગ્ન કરવાનું વિચારતો હતો ત્યારે તેને પોતાના દિલની વાત એન વિન બ્લૈંડને કહી તેની પાસેથી પહેલાં મંજૂરીની મહોર મરાવી હતી. લગ્ન પહેલાં બિલે જ્યારે નિખાલસતાથી પ્રસ્તાવ મૂક્યો કે લગ્ન પછી પણ પ્રત્યેક વસંત ઋતુમાં બિલ અને એન વિન બ્લૈંડ સાથે વેકેશન ગાળશે. જેની મેલિન્ડાએ સહમતિ આપી હતી. સત્યાવીસ વર્ષથી આ મુલાકાત પ્રતિવર્ષ નિયમિત રીતે ચાલતી હતી.

બિલ ગેટ્સે મેલિન્ડા સાથેના આ કોન્ટ્રેક્ટની વાત ટાઇમ મેગેઝીનને ૧૯૯૭માં કરી હતી.

બિલ ગેટ્સ અને વિન બ્લૈંડ પોતાના વિશે, દુનિયાના વિશે એકબીજાના વિચારોની આપ-લે કરતાં. ક્યારેક

તેઓ અલગ અલગ શહેરમાં એક જ પીકચર નક્કી કર્યા મુજબના એક જ સમયે જોતાં અને પછી ટેલીફોન પર લાંબા સમય સુધી વાતો કર્યાં કરતાં. આમ તેમની "ડીસ્ટન્ટ રીલેશનશીપ" દિન પ્રતિદિન પ્રગાઢ બનતી જતી હતી. કહેવાય છે કે એનના પ્રેમના કારણે બિલે નોનવેજ ખાવાનું બંધ કરી દીધું હતું.

બિલ અને મેલિન્ડાની સહયાત્રા પણ ૩૫ વર્ષની હતી. આઠ વર્ષ પ્રેમી તરીકે અને ૨૭ વર્ષ પતિ-પત્ની તરીકે. બન્ને વચ્ચેની કેમેસ્ટ્રી પણ અદ્ભૂત હતી. અને ઈન્ટેલેક્યુઅલી મિત્રતાનું લેવલ પણ ઘણું પ્રગાઢ હતું. બિલ અને મેલિન્ડાને ત્રણ બાળકો થયાં હતાં જેમની પરવરીશ પણ બન્નેએ સાથે મળીને સારી રીતે કરી હતી.

ટ્વીટરમાં બિલ અને મેલિન્ડાએ જણાવ્યું છે કે તેઓ હવે પતિ-પત્ની તરીકે સાથે જીવી શકે તેમ નથી.

આ સંબંધોને સુધારવા માટે બન્નેએ ઊંડું સમુદ્ર મંથન કર્યું. રીલેશનશીપ એક્સપર્ટસની સલાહ અને કાઉન્સેલીંગથી સંબંધો બચાવવાની કોશિષ કરી પણ પણ તેમને આખરે જણાયું કે તે શક્ય નથી.અને બન્ને સૌહાર્દ પૂર્ણ રીતે છૂટાં પડશે. અને બિલ - મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનની અબજોની સંપત્તિને સાથે મળી સમાજ હિતમાં વાપરશે. તેમનો આ એક પાર્ટનરશીપ પ્રોજેક્ટ વિકાસ કરતો રહેશે અને તેને છૂટાછેડાનું ગ્રહણ નહીં નડે.

બિલ અને મેલિન્ડા ગેટ્સના છૂટાં થવા પાછળના ઘણાં કારણો હશે. પરંતુ તેમાં પતિ-પત્ની ઓર વૉ જેવી એક્ષ એન વિન બ્લૈંડ મુખ્ય કારણભૂત મનાય છે.

છૂટાછેડાની જાહેરાત પછી મેલિન્ડા ૧૪૫ બિલીયન ડોલર એટલે કે ૧૧ લાખ કરોડના વિભાજનના કામમાં લાગી છે. જ્યારે બિલ એન સાથે સ્પ્રીંગનું વેકેશન ગાળવા નિકળી ગયો છે.

બિલ અને મિલિન્ડા માટે સત્યાવીસ વર્ષના સહવાસનો અંત લાવવાનો નિર્ણય કંઇ સહેલો નિર્ણય નહીં હોય. એમના દિલ પર શું વિતતું હશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે.

મેલિન્ડાએ ટીપ્પણી કરતાં કહ્યું હતું કે એની ગતિ મારાથી વધારે હતી અને હું તેની સાથે તાલમેલ સાધવાની કોશિષ કરતી પણ એ માટે થોડા નીચે એને આવવું પડે અને આત્મવિશ્વાસ વધારી થોડા આગળ મારે જવું પડે. બિલે એની તરફથી તમામ કોશિષ કરી પણ અમને લાગ્યું કે હવે અમે પોઇન્ટ ઓફ નો રીટર્ન પર પહોંચી ચૂક્યાં છીએ. ત્યાંથી પાછા ફરવું કોઇને માટે શક્ય ન હતું. એટલે અમારા રસ્તા હવે જુદા જ છે.

મેલિન્ડાએ કહ્યું કે બિલ સતત સંઘર્ષ કરવામાં માને છે. પણ મને લાગે છે કે બિલ તેની પ્રોફેશનલ લાઇફ અને પર્સનલ લાઇફને બેલેન્સ ન કરી શક્યો.

બિલ અને મેલિન્ડા તો કોઇના દબાણમાં આવી કોઇ ઉતાવળીયો નિર્ણય લેવાની ભૂલ નહીં કરે. પણ આપણા સમાજમાં આવી વ્યક્તિને જલ્દીથી બીજું વિજાતીય પાત્ર મેળવી પરણાવી દેવામાં આવે છે. આ સમય આવાં મિત્રોના કે સામાજિક દબાણને વશ થવા જેવો નથી.

છૂટાછેડાની તંદુરસ્તી પર માઠી અસર થાય છે. તલાક શારીરિક અને માનસિક રીતે લોકોને તોડી નાંખે છે. કોર્ટના ધક્કા અને સેટલમેન્ટ સંવેદનશીલ માણસને ક્યારેક એવું વિચારવા મજબૂર કરે છે કે શું મારો નિર્ણય સાચો હતો ? છૂટાછેડા લેવામાં મેં કોઇ ઉતાવળ તો નથી કરીને ? ક્યારેક છૂટાછેડા લીધા પછી એક સામાજિક શરમ અનુભવાય છે.

લગભગ દરેક છૂટાછેડાની એક કોમન કહાની એ હોય છે કે પોતાની ત્રીસી અને ચાલીસીમાં વ્યક્તિ પોતાની કારકિર્દીની ટોચ પર જવાની જહેમત કરે છે. આ બધું કરીને પોતાને પત્નીને અને સંતાનોને દુનિયાને બધાં જ સુખો આપવાની ગોઠવણ કરે છે તેમાં બાળકનું બાળપણ જતું રહે છે અને પત્નીની યુવાની પછી શિખર પર પોતાના કુટુંબને છોડી તે એકલો જ પહોંચી જાય છે. અને પત્ની અને બાળકો તેનાથી છૂટાં થઇ જાય છે. જેને માટે તેને આ બધી મહેનત કરી હતી એ લોકો જ તેના રહેતાં નથી.

# તરબૂચના ફાયદા અને તેનું સેવન કરવાનો યોગ્ય સમય



ગરમીની ઋતુ આવી ગઇ છે. શરીરને ઠંડક આપવા માટે તરબૂચનું સેવન એક સારો વિકલ્પ હશે. પરંતુ જો તમે વિચારી રહ્યા છો કે તરબૂચ માત્ર ગરમીથી રાહત આપે છે, અને તેનું સેવન કોઇ પણ સમયે કરી લેવું જોઇએ. તો આ યોગ્ય નથી. ગરમીથી રાહત આપવાની સાથે જ, આપણા સ્વાસ્થ્ય માટે પણ કેટલીય રીતે ફાયદાકારક છે. તરબૂચમાં રહેલ પોટેશિયમ, રાઇબોફ્લેવિન, આયર્ન, કેલ્શિયમ, ઝિન્ક, ફાઇબર, નિયાસિન, આયર્ન, વિટામિન-એ, સી, બી અને લાઇકોપીન જેવા કેટલાય પોષક તત્ત્વ હોય છે, જે આપણા સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવાનું કામ કરે છે.. જાણો, આ શરીરને કેવી રીતે ફાયદો પહોંચાડે છે અને તેના સેવનનો યોગ્ય સમય કયો છે.

**હાર્ટ માટે ફાયદાકારક**

તરબૂચના સેવનથી અથવા તેનો જ્યુસ પીવાથી, શરીરમાં બેડ કૉલેસ્ટ્રોલને બનતા અટકાવી શકાય છે. જે હાર્ટ પ્રોબ્લેમ માટે સૌથી મોટું કારણ બને છે. તેમાં મળી આવતા સાઇટ્રલાઇન નામનો પદાર્થ હાર્ટના એથેરોસ્ક્લેરોસિસ પ્રોબ્લેમને દૂર કરવામાં મદદ કરે છે.

**પાચન ક્રિયાને તંદુરસ્ત રાખે છે.**

તરબૂચમાં ફાઇબર અને પાણીનું પ્રમાણ ઘણું વધારે હોય છે. આ બંને પાચનક્રિયાને ઠીક રાખવામાં મદદરૂપ થાય છે. તેના સેવનથી પાચનક્રિયા સરખી રીતે કામ કરે છે. કબજિયાત, ડાયેરિયા તેમજ ગેસ જેવી મુશ્કેલીઓથી પણ છૂટકારો મળે છે.

**વજન ઘટાડવામાં મદદરૂપ**

તરબૂચનું સેવન વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. તેમાં કેલોરીનું પ્રમાણ ઓછુ હોય છે અને ફાઇબરનું પ્રમાણ વધારે હોય છે. તેનાથી પેટ જલ્દી ભરાઇ જાય છે જેનાથી કંઇક અન્ય વસ્તુ ખાવાનુ મન નથી થતું. તેમાં પાણી પણ ઘણું હોય છે જે શરીરમાંથી વિષાયુક્ત પદાર્થોને બહાર કાઢે છે, આ સાથે જ શરીરને ડિહાઇડ્રેટ પણ થવા દેતું નથી.

**ઈમ્યૂનિટી મજબૂત થાય છે**

તરબૂચના સેવનથી ઈમ્યૂનિટી મજબૂત થાય છે. તેમાં રહેલુ વિટામિન સી ઈમ્યૂન સિસ્ટમને મજબૂત કરે છે. આ સાથે જ તેમાં રહેલું ફાઇબર આંતરડાને ઠીક રાખે છે અને વિટામિન એ ઈમ્યૂન સિસ્ટમને ઈન્ફેક્શનથી બચાવે છે.

**માંસપેશિઓમાં દુખાવાથી રાહત**

માંસપેશિઓમાં થતાં દુખાવાથી રાહત મેળવવા માટે પણ તમે તરબૂચનું સેવન કરી શકો છો.. તેમાં રહેલ ઈલેક્ટ્રોલાઇટ્સ અને એમીનો એસિડ સાઈટ્રલાઇન મસલ્સ પેઈનને દૂર કરવામાં મદદ કરે છે.

**બ્લડ પ્રેશરને કંટ્રોલ કરવામાં મદદરૂપ**

તરબૂચ ખાવાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે. તેમાં રહેલ સાઇટ્રલાઇન નામનો એમિનો એસિડ બ્લડ પ્રેશર કંટ્રોલ કરવામાં મદદ કરે છે. આ સાથે જ તેમાં પોટેશિયમ પણ હોય છે જે એક્સરસાઇઝ દરમિયાન બ્લડ પ્રેશરને કંટ્રોલ કરે છે.

**તરબૂચના સેવનનો યોગ્ય સમય**

તરબૂચને ક્યારેય પણ રાતના સમયે ન ખાવું જોઇએ. સામાન્ય રીતે તે દિવસમાં ક્યારેય પણ ખાઇ શકાય છે પરંતુ તેના સેવનનો યોગ્ય સમય બપોરનો છે.

ખાસ વાત એ છે કે તેને ખાદ્યા બાદ પાણી, દૂધ, લસ્સી અને કૉલ્ડ ડ્રિન્ક જેવી વસ્તુઓનું સેવન ન કરવું જોઇએ.

એસએસએઆઇ આઈએનસી, રાહવે, ન્યુ જર્સી અમેરિકાની સ્વૈચ્છિક સંસ્થાના ઉપક્રમે ૭૦ ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ દક્ષિણ ગુજરાતના કોરોનાવાઈરસ સંક્રમિત  ગ્રામિણ વિસ્તારોમાં આવેલા ચાર આઈસોલેશન એન્ડ કેર સેન્ટર્સને ઉપલબ્ધ કરાવાયા. ન્યુ જર્સીના શ્રી સુનિલ પરીખ અને શ્રી હેરી શાહના માર્ગદર્શન હેઠળ દીપ્તીબહેન તથા વિમલભાઈએ કેસલીવાલા અને મિત્રોની સહાય મેળવી આ કામગીરી પાર પાડી. નવસારીના રૂમાલાના આરોગ્ય કેન્દ્રના કેરોનાથી અવસાન પામેલા  પરિચારિકાના દસ વર્ષની ઉંમરની સુપુત્રીએ અમેરિકાથી ભેટ મળેલ આ કોન્સન્ટ્રેટર્સને સ્વીકાર્યાં.  ડો. પ્રશાન્ત પટેલ અને નયન પટેલ આ કામગીરીની જવાબદારી સંભાળી રહ્યા છે. રૂમલા ઉપરાંત ટંકલ, અમલસાડ, માસા અને બીલિમોરાના કોવિદકેર હોસ્પિટલ્સમાં પણ ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ ભેટ અપાયાં.

